No Pages to Display






ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તાઃ અમદાવાદ.

# પ્રસંગકથાઓ

ભાગ : ચોથો

ધૂમકેતુ

[૧-૪-૦]
સવા રૂપિયો

: પ્રકાશક :

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તો; અમદાવાદ.

૧૯૬૨

આવૃત્તિ પહેલી
૧૯૬૨

[સર્વ હક સ્વાધીન]

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ શાહ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો : અમદાવાદ

: મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ : શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ

સામાન્ય જનસમૂહને દૃષ્ટિમાં રાખીને, જે પુસ્તકો લખાયાં છે, તેમાં આ પુસ્તક યોગ્ય સ્થાન મેળવશે એવી આશા છે.

થોડું ભણેલા માટે, આમાં કેટલાક અનુભવો ને પ્રસંગો મૂક્યા છે. એનું વાચન રસદાયી ને ઉપયોગી નીવડશે.

જુલાઈ, ૧૯૬૨
કર્ણાવતી નિવાસ,
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ-૭

ધૂમકેતુ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | અખૂટ ખજાનો ! | ૩ |
| ૨ | ભિખુદાસ | ૧૩ |
| ૩ | ખરી રાજરીત | ૨૦ |
| ૪ | સિકંદર | ૨૬ |
| ૫ | સાતમો ચરુ | ૩૧ |
| ૬ | વિવેક ભરેલો પ્રેમ | ૩૯ |
| ૭ | કોયડાનો ઉકેલ | ૫૦ |
| ૮ | પોતાનામાંથી જ શીખો | ૫૬ |
| ૯ | ધર્મને નામે | ૫૯ |
| ૧૦ | ત્રણ પ્રસંગો | ૬૭ |
| ૧૧ | સમાધાનનો માર્ગ તો હોય જ | ૭૦ |
| ૧૨ | માણસમાં ત્રણ પશુ | ૭૫ |

# પ્રસંગકથાઓ

[ભાગ ૪]

[૧]

# અખૂટ ખજાનો !

એક ગામમાં પ્રાચીન સમયથી એક વાત ચાલે. એક આગમવાણી હતી. તે પ્રમાણે એક દિવસ આ ગામમાં આકાશવાણી થાય ને અખૂટ ખજાનો મળે.

ગામ આખું તો આ વાતમાં શ્રદ્ધા ધરાવીને એ અખૂટ ખજાનાની રાહ જુએ.

એમને એમ કે, જો અખૂટ ખજાનો નીકળે તો મહેનત કરવાની મટી જાય.

હવે આ અખૂટ ખજાનાની વાત હતી, પણ એના વિષે કેટલાક જુદી ચર્ચા પણ કરતા.

કેટલાક માનતા કે ત્યાં સોનાનો ઢગલો હશે. બીજા માનતા હતા કે સોનું નહિ, પણ હીરામાણેક–મોતી ત્યાં હોવાં જોઈએ.

એક વૃદ્ધ ડાહ્યાએ કહ્યું કે, 'ભલા માણસ ! હીરા માણેક, મોતી ગમે તેટલાં હોય તોપણ એનો અંત આવી જાય. પારસમણિ નીકળે તો એ અખૂટ ભંડાર કહેવાય ! કારણ કે એ હમેશને માટે તમામ લોઢાની ચીજોને સોનાની કરી મૂકે ! એટલે અખૂટ ભંડારમાં પારસમણિ નીકળવો જોઈએ !'

આ પ્રમાણે દરેકની કલ્પના જુદી જુદી રીતે આ અખૂટ ભંડારને જોઈ રહી હતી !

પણ દિવસો ઉપર દિવસો વીતતા ગયા, છતાં એ અખૂટ ભંડાર વિષે કાંઈ વાત મળી નહિ, કે



ભંડાર દેખાયો નહિ, કે કોઈ આકાશવાણી પણ સંભળાણી નહિ !

પછી એક દિવસ એ આખું ગામ બહારગામના મેળાના બજારે જવા માટે ઊપડ્યું.

ત્યાં મેળા-બજારમાં ભાતભાતની ચીજો વેચાવા આવતી. ત્યાં સમુદ્રપારનાં કાળાં મોતી આવતાં. અનુપમ હાથીદાંત આવતો. જંગલ આખું મઘમઘી ઊઠે એવું ચંદન આવતું. હીરા આવતા. અણમોલ રત્નો આવતાં. એક એક કોટી દ્રમ્મની રત્ન માણિક્ય ખચિત શૃંગાર સાડી આવતી. ત્યાં જે ફૂલ આવતાં તે દુનિયામાં ક્યાંય દેખવા પણ મળતાં નહિ. અત્તર એવું આવતું કે એની સુગંધ હવા તજી શકતી નહિ ! ત્યાં નવી નવાઈનાં પંખી આવતાં. ત્યાં એવાં મેનાં, પોપટ આવતાં કે જે તમને જાણતા હોય તેમ તમારી સાથે વાતો કરે ! અને પોતે જે સ્વર્ગમાંથી આવ્યાં છે તે સ્વર્ગનું એવું વર્ણન આપે કે માણસ બે ઘડી તો આ દુનિયા ભૂલી જાય !

આવું આ બજાર બાર વર્ષે એક વખત ભરાતું. માણસ જો એ ચૂકે તો થઈ રહ્યું. બાર વરસ રાહ

જોયા કરે.

આથી આખું ગામ સંપ્યું ને ઊપડયું. સૌને એમ હતું કે કોઈ એકને આપણે આંહીં બાકી રહેવા દેવો. કારણ કે વખત છે ને પાછળથી પેલી આકાશવાણી પ્રગટે, તો અખૂટ ખજાના વિષેની માહિતી એ માણસ રાખી લે!

એટલે એમણે ખૂણેખાંચરે તપાસ માંડી કે બીજો કોઈ પાછળ રહી જાય નહિ. કોઈ કહેતાં કોઈ બીજો કયાંય રહી જાય નહિ તેની બરાબર શોધ કરી. કારણ કે નહિ-તર એને દગો કરવાનું મન થાય! એ બધી વાત જાણી લે. એક જ રહે છે, બીજો કોઈ રહી ગયો નથી, એની ખાતરી કરી પછી એ બધાં પેલું મેળાનું બજાર જોવા ગયાં! પણ જોવા ગયાં તેવાં જ એમાં તલ્લીન થઈ ગયાં! ત્યાં તો એવી એવી ચીજો હતી કે એક જુએ ને બીજી ભૂલે! એ બધાં તો ત્યાં જ ધામા નાખીને પડયાં.

આવું બજાર તો બાર વરસે ભરાય, એટલે ચાલે પણ ઠીક ઠીક. આખું ગામ ત્યાં મોજમજા ભરેલા જીવનની છાયામાં અટવાઈ ગયું.

હવે જે માણસ ગામમાં હતો તેણે વિચાર કર્યો કે આકાશવાણી થશે અને આંહીં કોઈ નથી એટલે એ જો ધ્યાન નહિ રાખે, તો તેથી ગામને ઘણું મોટું નુકસાન થશે.

એ આકાશવાણીની વાત તો ખોશે, પણ હજી એ વાત આવી નથી એમ ધારીને આશામાં ને આશામાં સૌ રહ્યા કરશે ! ને છેવટે નિરાશા સાંપડતાં ગામ શ્રદ્ધા જ ખોઈ બેસશે ! અમૂલ્ય ભંડાર ગુમાવશે !

એટલે એ તો રાતદિવસનો ઉજાગરો ખેંચવા માંડ્યો ને વખત કાઢવા આમતેમ ફરવા માંડ્યો. એ એકલો ગામમાં ફરવા નીકળ્યો. પણ ક્યાંય કોઈ કહેતાં કોઈ મળે જ નહિ ! ઘેર ઘેર તાળાં !

એને ફરતાં ફરતાં એક નવી નવાઈની વાત મળી. તમામ ઘેર બરાબર સંભળાય તેમ આકાશવાણીના ભણકારા જાણે હવે આવી રહ્યા હતા ! હવે જ્યારે ગામમાં કોઈ ન હતું ત્યારે !

એટલે એણે આકાશવાણી સાંભળવા કાન સરવા કર્યા, તો એમાં એમ આવ્યું કે, " હે ! જનો ! હું તમને ખરી વાત કહેવા કાલે આવવાનો છું ! કાલે તમે તૈયાર

રહેજો.” બીજે દિવસે આ માણસ તૈયાર થઈને બેઠો. કોણ બોલવાનું હતું, એ તો એ જાણતો ન હતો. ત્યાં આકાશવાણી આવી. પેલાં અમૂલ્ય ભંડાર ક્યાં છે, તેની વાત સાંભળવા માટે આ ભાઈ તલપાપડ થઈ ગયા!

પણ વાત સાંભળતાં એના રામ રમી ગયા! એમાં તો બીજી જ વાત નીકળી! “જે ભંડાર તારી પાસે છે તે ક્યાંય નથી, ને જે ક્યાંય નથી તે તારી પાસે છે!” એમાં તો આવી વાત આવી! પેલા માણસે બે હાથ જોડીને કહ્યું, “પણ હે દેવાધિદેવ! એક અખૂટ ભંડાર હોવાની આગાહી ગામમાં વર્ષોથી ચાલી આવે છે તે અખૂટ ભંડાર છે ક્યાં? એ ભંડારની વાત જાણવા માટે તો ગામ આખું મને આંહીં મૂકતું ગયું છે!”

જવાબ મળ્યો: “પણ ગામ આખું બહાર નીકળી પડ્યું છે, એટલે એ જાણે છે કે અખૂટ ભંડારમાં પણ પેલા મેળા–બજાર કરતાં વધારે કિંમતી કાંઈ નહિ હોય! નહિતર તો એમાંનો એક પણ આંહીંથી ખસત જ નહિ!”

પેલો માણસ હવે રડવા જેવો થઈ ગયો. એને

થયું કે એ આવી વાત કરશે તો કોઈ માનશે નહિ. સૌ ધારશે કે એણે અખૂટ ભંડારની વાત સાંભળી લીધી છે, પણ એ ભાઈને એકલાને ભોગવવો છે, એટલે કહેતા નથી. અને એમાંથી એને જીવતાં દાટી દેવાનો પ્રસંગ ઊભો થશે! એણે ગદ્‌ગદ્‌ કંઠે બે હાથ જોડીને વિનંતી કરી: "હે દેવાધિદેવ! તમે કોણ છો એ તો મને કહો. મારે શું કહેવું? અખૂટ ભંડારની વાત કહેવા કોણ આવ્યું હતું, એમ સૌ પૂછશે તો નામ શું આપવું?"

શાંત, સ્વસ્થ, મધુર જવાબ આવ્યો: "હે માનવ! હું તો તારા જ અંતરનો શાંત છાનો અવાજ. હું દરેકના અંતરમાં બેઠો છું ને દરેકને અખૂટ ભંડારની માહિતી આપવાની રાહ જોયા કરું છું. મને જે સાંભળે તે પામે."

"અરે! પણ ભલા ભગવાન! ત્યારે મને કાં એનાથી વંચિત રાખ્યો?"

"જે તને કહેવાનું છે તે જ સૌને કહેવાનું છે, હે માનવ! અને તે આટલું જ છે. જે તારી પાસે છે તે ક્યાંય નથી. ને જે તારી પાસે નથી, તે પણ ક્યાંય નથી અખૂટ ભંડારના વારસાની આ વાત છે. તું પ્રમાણિક મહેનત કરે તે અખૂટ વારસો.

પેલો માણસ તો આ સાંભળીને ઘણો જ નિરાશ થઈ ગયો. એણે તો એમ આશા રાખી હતી કે સોનાનાં મોટા મોટા ચરુ કયાં દાટયા છે, એ વાત આકાશવાણી કરશે ! પણ આકાશવાણીએ તો વાત કહી, મહેનતની; આ અખૂટ ભંડારની વાતનો એને શું ઉપયોગ હતો ?

જ્યારે એ ગામમાં પાછો આવ્યો, ત્યારે સૌએ ભેગા થઈને એને પૂછયું કે, 'તને આકાશવાણી સંભળાણી હતી ?'

તેણે કહ્યું : 'હા. સંભળાણી હતી !' એ સાંભળતાં સૌ નાચવા મંડયા ને ઘેલા જેવા થઈ ગયા. તેમને લાગ્યું કે હવે સોનાના ચરુ ઉપર ચરુ હાથ લાગશે !

પણ જ્યારે પેલા માણસે કહ્યું કે અખૂટ ભંડાર તો આપણા હૃદયમાં જ રહે છે. ને ત્યાં નથી, એવો કોઈ ભંડાર બહાર પણ નથી. ત્યારે એની એ વાત સાંભળીને સૌ ગુસ્સે ગુસ્સે થઈ ગયા ! પ્રમાણિક મહેનતની વાત કોને ગમે ?

સૌને લાગ્યું કે આને એકલાને ભંડાર પડાવી લેવો લાગે છે ! એટલે આવી વાત કરે છે.

પણ આપણે એને એકલાને કેમ ખાઈ જવા દેશું ? એટલે તો પેલા માણસની વિપત્તિ વધી પડી.

એના ઉપર તો રાતદિવસનો પહેરો રહેવા માંડ્યો. ક્યાંય એ ભાગી જાય નહિ, એની સંભાળ લેવા મંડ્યા. એને મનાવવા માટે પણ અનેક જુક્તિઓ થવા માંડી. એ માંદો પડે તો, દસ દસ વૈદ હાજર થઈ ને એને દવાના 'ડોઝ' ઉપર 'ડોઝ' દેવા માંડ્યા. ક્યાંક મરી જાય ને પેલી વાત પણ તેની સાથે મરી જાય તો ?

એટલે આને તો છતે પ્રાણે, નિષ્પ્રાણ જેવું જીવન ગાળવાનું આવ્યું. એને કોઈ ક્યાંય ફરકવા જ દે નહિ ને !

એ આપઘાત કરી ન બેસે, માટે રાતે પણ જાગતી ચોકી રાખવા મંડ્યા. પણ એમાંથી એને એક વાત સૂઝી. એને લાગી આવ્યું કે માણસ, માણસને એટલો ચાહતો નથી, જેટલો એ વસ્તુઓને ચાહે છે !

એટલે આકાશવાણીના સત્યની એને કાંઈક ઝાંખી થઈ !

એને લાગ્યું કે માણસો ખરેખર નકામા પદાર્થના

મોહમાં સાચા પદાર્થને ખોઈ બેઠા છે.

એવી એને પ્રતીતિ થઈ, ત્યારે એના મનમાંથી જ વાણી આવી :

"હે માનવ! જ્યાં બધું જ અસત્ય છે, ત્યાં તને પહેલું આટલું સત્ય મળ્યું, એ જ સાચો અખૂટ ખજાનો છે. પણ આટલું જ્ઞાન તને વધારે જ્ઞાન તરફ દોરી જાય. એટલે હવે એ માટે તું પ્રયત્ન કર. અખૂટ ભંડાર ત્યાં મળશે."

[ ૨ ]

# ભિખુદાસ

તાનસેન મોટો ગવૈયો. બાદશાહ અકબર-ના વખતમાં એ થઈ ગયો. આ તાનસેનનો એક ભાઈ હતો. એનું નામ ભિખુદાસ. એને પણ ગાવાનો વારસો મળ્યો હતો. કંઠ અદ્ભુત હતો. કથાવાર્તા કરતો. જે કુટુંબમાં એ જન્મ્યો હતો, તેમાં પરંપરાથી લોક માટે કથાઓ ચાલતી રહેતી. એ જ એમનું જીવન. કથાઓ કહેવી અને આજીવિકા ચલાવવી.

આ ભિખુદાસ પણ એ જ કામ કરે. કથાઓ કરે. આજીવિકા મેળવે. સાદું, શાંત, ધર્મભરેલું જીવન ગાળે. લોકમાં પોતાના ધર્મ પ્રત્યે, આર્યસંસ્કાર પ્રત્યે, ચાહના તો જ રહે, જો કોઈક પણ આધાર મળે તો. એવો એ જમાનો. બાકી તો ભલભલા વીર ક્ષત્રિય નૃપતિઓ પણ પોતાનાં રાજપાટ, સંસ્કાર, ધર્મ, બધું ખોઈ

બેસતા હતા અને દિલ્હી દરબારમાં માનપાન મેળવતા હતા. આ માનપાનની લાલચથી અનેક મોટા મોટા રાજાઓ નાના બની ગયા હતા.

એક વખત આ ભિખુદાસને ઊડતી વાત મળી. કોઈ જાત્રાઅર્થે નીકળેલા મુસાફરે એને કહી. પોતાનો ભાઈ તાનસેન તો દિલ્હી દરબારમાં ઊપડયો ઊપડતો ન હતો. એના કંઠે ભલભલાને ડોલાવી દીધા હતા. માત્ર એ ધીમે ધીમે પોતાનું પોતાપણું ગુમાવી રહેલ હતો. એ વિધર્મને પંથે વળતો જાય છે—એટલો જ વાંધો હતો; બાકી એનાં માનપાન બધાથી ચડે એવાં. શહેનશાહ પાસે એની બેઠક. ભિખુદાસ એ સાંભળીને ઊંડા વિચારમાં પડી ગયો. પોતાની કુલપરંપરાને જાળવનારો, એ પોતે એકલો જ, હવે રહેતો હતો.

માનપાન, સાહેબી, સમૃદ્ધિ, દિલ્હીના થઈ જાય એને મળે, એવી હવા હતી એમાં તાનસેન પણ શું કરે ? પણ એને હવે પોતાની કથાવાર્તાઓમાં રહેલી નવી વાત સૂઝી આવી. એનાં કથાવાર્તા ઉપર હજારોની આશા હતી. હજારોને માટે અત્યારે એ જ એક પ્રકાશ હતો. એની ઉપર જ, માણસો પોતાના ધર્મને અને જીવનસંસ્કારને

ટકાવી રાખવાનાં હતાં. આ કથાવાર્તાઓ—રામાયણની, મહાભારતની, ઉપનિષદની, વેદની, ભાગવતની, એ પોતે ચલાવતો જ રહે—એમાં એનું જીવન હતું. અને માણસોનું પણ એ જ જીવન હતું.

એટલે એણે નિશ્ચય કરી લીધો. પોતે પોતાનું ગામ છોડવું નહિ. પોતાના આ પ્રદેશમાં, ધર્મસંસ્કાર સીંચતા રહેવા. પ્રજા અત્યારે જો ટકી જશે, તો પછી ભગવાન જેવો સમર્થ સહાયક છે. બીજો કોઈ નીકળશે ને અવનવી રીતે પ્રજાને ટકાવી દેશે. બાકી અત્યારે કોઈ પણ શક્તિવાળો માણસ, દિલ્હીનાં માનપાન છોડે તેમ ન હતો. ને દિલ્હીમાં માનપાન મળે તો માણસ બધું ભૂલી જાય તેમ હતો. ધરમ પણ ભૂલી જાય. દિલ્હીની લાલચો સામે ટકી શકે તેવો કોઈ ન હતો.

પછી એક વખત એના નિર્ણયની કસોટી ખરેખર આવી પડી. દિલ્હી દરબારમાંથી સોનેરી મ્યાનો આવ્યો, તાનસેનના ભાઈને બોલાવવા માટે. ભલભલાનાં મન ચળી જાય, એવો સોનેરી મ્યાનો છે. એને ઉપાડનારા પણ જેવાતેવા નથી. સાથે અસ્વારો છે. આગળ પાછળ મ્યાનાની સંભાળ લેનારા શસ્ત્રધારીઓ પણ સાથે

આવ્યા છે: રાજાના ઠાઠમાઠથી ભિખુદાસને દિલ્હી લઈ જવા માટે માણસો આવ્યા છે.

પહેલાં તો ભિખુદાસ આ જોઈને ચકિત થઈ ગયો. ગામ આખું એને ઘેર ટોળે મળ્યું. વાતો ચાલી. અકબર બાદશાહે બોલાવ્યા છે. દિલ્હીશ્વરો વા જગદીશ્વરો વા—એમણે મ્યાનો મોકલ્યો છે.

લોકોમાં વાત થઈ પુરુષના કરમ આડે પાંદડું, તે આનું નામ. દીલ્હીમાં જશે, પછી ઊપડ્યા પણ નહિ ઊપડે. કંઠ તો એમનો, ભલભલાના માથાં ડોલાવી દેશે.

પણ ભિખુદાસ તો ઘરમાંથી બહાર આવ્યો. તે બે હાથ જોડીને મોગલ અધિકારી સામે ઊભો રહ્યો. તેણે અત્યંત વિનયથી પણ ભારોભાર દૃઢતાથી કહ્યું: 'જમાદાર સાહેબ! મને માફ કરજો. હું તો આ ધરતીનું બાળક છું. મને બીજે ક્યાંય જવું ફાવે નહિ. વળી મારામાં કાંઈ નથી. મારી પાસે દિલ્હીશ્વરને આપવાની કોઈ વાત નથી.'

'પણ અમને તો હુકમ છે. તમારે આવવાનું છે. તમને લેવા માટે તો આટલાં બધાં માણસો આવ્યા છે. રાજાને મળતું માન તમને આપ્યું છે. તમે એક વખત



તો ચાલો!'

'હા, પણ જમાદારસાહેબ! મારે તો મારા કુળનો ધર્મ છે. માગીને ખાવું અને કથાઓ કરતા રહેવું. મારાથી બીજું કાંઈ થાય નહિ!'

'પણ તમે આ કોને કહો છો એ જાણો છો? કે પછી બોલ્યે જ રાખો છો?'

'જમાદાર સાહેબ! મને ખબર છે, હું આ જેવા-તેવાને કહેતો નથી, દિલ્હીના બાદશાહને આજ કોણ

નથી ઓળખતું ? પણ હું આ ઘર, આ ભૂમિ, મારી કથાવાર્તાઓ, એ છોડી શકું નહિ!'

'ને છોડવું પડે તો ?'

'છોડવું પડે તો મારું નામ, જમાદાર સાહેબ ! ભિખારીદાસ. ભિખારીને છોડતાં શી વાર ? છોડવું પડે તે આ દેહ હું આંહીં છોડી દઉં ! મારી ભિખારીની પાછળ કોણ રોવાનું હતું કે શું લુંટાઈ જવાનું હતું ? દેહ છોડતાં શી વાર ? નાગદેવ કાંચળી કાઢે, એટલી વાર! હું તો ભિખારી. મારે બીજી કોઈ વાત ન ખપે!'

'અરે ! પણ તમે બહુ મોટી ભૂલ કરો છો. આવો માન શરપાવ કોકને જ મળે છે. તમને મળ્યો છે તમારા ભાઈને લીધે !'

'એ ક્યાં મારાથી અજાણ્યું છે ? મને તો કોણ ઓળખતું'તું ? પણ મારો ભિખારીદાસનો ધરમ માગી ખાવાનો. એ મારાથી છોડાય નહિ.'

જમાદાર પણ નવાઈ પામી ગયો. તેણે જોયું કે સામે ઊભેલો સુકલકડી ભિખારી તો અજબ હતો. જેને માટે હજારો ઝંખી રહેતા હતા, એ માનપાન આને ખપતાં ન હતાં.

પોતે બહુ જક્ક કરે તો આ માનવ સળેકડું જીવ આપી દે એવું હતું. અને તો તો પોતાની ઉપર આફત ઊતરે.

એટલે એ તો જેવો આવ્યો હતો, તેવો પાછો ગયો.

એના ગયા પછી ભિખારીદાસે વિચાર કર્યો: ‘ આ પાછો ફરી આવવાનો. તે વખતે એ પરાણે પણ ઉપાડે. આપણે તો ધરમ પ્રજામાં જીવતો રાખવો છે. આપણને રાજા શહેનશાહનાં માન જોતાં નથી. પણ આંહીં રહેવું હવે જોખમભરેલું છે.

બીજે દિવસે ભિખારીદાસ, એમ ને એમ—ઘરબાર એમ ને એમ મૂકીને—દેશના પર્યટને નીકળી ગયો.

પોતાના એક ગામમાં થતી કથાઓ ઘેરઘેર કહેવા માટે એ ચાલી નીકળ્યો.

આજે આ ભિખારીદાસને કોઈ ઓળખતું નથી. તાનસેનનું નામ તો ઘેર ઘેર ચાલે છે. પણ ઇતિહાસ આપણને કહે છે, ‘ મારે ત્યાં નોંધાયેલાં નામો મહાન હશે; પણ વણનોંધાયેલાં વધુ મહાન હોય છે.’

# ખરી રાજરીત

કાશ્મીરના એક રાજા ચંદ્રાપીડની એક વાત છે. ઘણી પ્રસિદ્ધ વાત છે ને પ્રગટ પણ થઈ છે. પણ એ વારંવાર સમજવા જેવી છે

રાજા ચંદ્રાપીડ એક વખત ફરવા ગયો. ત્યાં એણે એક સુંદર જગ્યા જોઈ. જગ્યા એવી તો સુંદર કે એની આંખમાં એ બેસી ગઈ. એણે એ જગ્યાએ એક સરસ ઉદ્યાન બંધાવવાનો વિચાર કર્યો.

પણ એણે ત્યાં જોયું તો એક ચાંડાળની ઝૂંપડી પણ ત્યાં હતી. એ ત્યાં રહેતો હતો.

રાજાએ વિચાર કર્યો કે ચાંડાલને તો કહેવરાવી દેવાશે એટલે એ ઝૂંપડી ઉપાડી લેશે. ઝૂંપડી ઉપાડતાં કેટલી વાર ?

એ તો રાજમહાલયમાં ગયો. પણ એનું મન તો પેલી સુંદર જગ્યાનો વિચાર કરે. 'ઉદ્યાન બનવાનું છે.'

મંત્રી પણ જગ્યા જોઈ આવ્યો. જગ્યા સરસ હતી. પણ એણે પેલી ઝૂંપડી જોઈ. એણે પણ મનમાં

ધાર્યું કે ઝૂંપડી તો ઉપાડી લેવાશે. એણે વાત કરી સેનાપતિને. સેનાપતિ જગ્યા જોવા ગયા. જગ્યા ખરેખર સરસ હતી. એણે પેલા ચાંડાલને બોલાવ્યો અને હુકમ કર્યો : 'તારી ઝૂંપડી આંહીંથી ઉપાડી લે જે. એક બે દિવસમાં આંહીં તો સરસ બગીચો કરવાનો છે!'

ચાંડાલ કાંઈ બોલ્યો નહિ. એ બે હાથ જોડીને પાછો ફરી ગયો.

સેનાપતિએ ધાર્યું કે એ તો બે-ચાર રોજમાં ઝૂંપડી ઉપાડી લેશે.

પણ બે દિવસ ગયા. ચાર દિવસ ગયા. આઠ દિવસ ગયા. ચાંડાલે ઝૂંપડી ત્યાંથી ઉપાડી નહિ. એ તો જયારે જુઓ ત્યારે ઝૂંપડીને બારણે બેઠો પોતાનું કામ કરતો હોય.

સેનાપતિએ વળી એને બોલાવ્યો: 'અલ્યા! હજી તારી ઝૂંપડી ઉપાડતો નથી. ઉપાડી લેજે. નહિતર ફેંકી દેવી પડશે!'

ચાંડાલે તો બે હાથ જોડીને નમન કર્યું, ને બોલ્યા-ચાલ્યા વિના જ પાછો પોતાની ઝૂંપડીએ જઈને

બેસી ગયો.

'જાત!' સેનાપતિ મનમાં બોલ્યો: 'બે-ચાર ધોકા વિના નહિ માને!'

સેનાપતિએ બીજે દિવસે સૈનિકો મોકલ્યા. ઝૂંપડી ઉપાડવાની વાત એમણે કરી. તે વખતે ચાંડાલ એક જ શબ્દ બોલ્યો: 'ઝૂંપડી નહિ ઉપડે!'

'પણ કારણ?'

'એનું વળી કારણ શું? હું આંહીં રહું છું. મારા બાપ આંહીં રહેતા. એના બાપ આંહીં રહેતા.'

'પણ તેથી શું? રાજાનો, આંહીં બગીચો બાંધવાનો વિચાર છે. ઝૂંપડી ઉપાડી લેજે!'

પણ ચાંડાલ તો ભારે હઠીલો નીકળ્યો. એ તો હતો તેમ ઝૂંપડીને બારણે બેઠો બેઠો પોતાનું કામ કરતોજ હોય.

વાત છેવટે રાજા પાસે ગઈ. ચંદ્રાપીડ રાજાને થયું કે વાત આપણે જાતે સાંભળવી જોઈએ. એ વખતે, તુમારમાં શેરો મારે ને શેરો ભટક્યા કરે પાંચ વરસ સુધી કારકુનો વચ્ચે, એવી ભારે પ્રશંસાપાત્ર રીતભાત

બિચારી હજી જન્મેલી નહિ. રાજા એટલું સમજે કે મારું કામ જાતે તપાસ કરવાનું, સત્ય શોધવાનું, સત્યને માન આપવાનું.

એટલે રાજા ચંદ્રાપીડ પોતે ચાંડાલને મળવા ગયો.

જઈને ચાંડાલને કહ્યું કે તારી ઝૂંપડી ભાઈ! તું બીજે બાંધી લે. આંહીં અમારે લોક માટે એક સરસ બગીચો બનાવવો છે.

ચાંડાલે બે હાથ જોડીને જવાબ વાળ્યો. 'મહારાજ, તમારા રાજમહાલયમાં અત્યારે કોણ રહે છે?'

રાજાએ કહ્યું: 'કેમ હું રહું છું! બીજું કોણ રહે?'

'તે પહેલાં કોણ રહેતું?'

'તે પહેલાં મારા પિતા. કેમ?'

'અને તે પહેલાં?'

'એમના પિતા!'

'તમને મહારાજ! એ જગ્યા ઉપર પ્રીતિ હશે?'

'અલ્યા! એવી વાતો શું કરવા કરે છે? જગ્યા ઉપર પ્રીતિ તો હોય જ નાં? ધરતીનો નેહ માતા જેવો

છે. પણ તું શું કરવા આ બધું પૂછે છે ?'

'મને પણ મહારાજ! આ જગ્યા એટલી જ વહાલી છે, જેટલો તમને તમારો રાજમહાલય વહાલો છે. હું મારી માતાને છેહ નહિ દઉં !'

'પણ ગાંડાભાઈ! આંહીં બગીચો થવાનો છે. લોકો માટે એ છે. તારી ઝૂંપડી તું બીજે બાંધી લેજે. તને ખરચ અમે આપીશું!'

ચાંડાલે મક્કમતાથી કહ્યું: 'તમારી વાત સાચી છે, મહારાજ! પણ મારી ઝૂંપડી નહિ ફરે!'

'અને ફેરવવી પડે તો ?'

'તોપણ નહિ ફરે. તમે મારું મુડદું ફેરવી શકો છો. બાકી આ જમીન મને માતાની જેમ મળી છે. એ માતાને હું છેહ નહિ દઉં!'

રાજા ચંદ્રાપીડ તો વિચારમાં પડી ગયો. એની સાથેના અધિકારીઓ તો ગુસ્સે પણ થઈ ગયા. કોઈએ તો ઝૂંપડી ફેંકી દેવાની વાત પણ કરી. પણ રાજા ચંદ્રા-પીડ ઘણો જ વિચારશીલ હતો. તેણે કહ્યું: 'ભાઈ! તારા મનની વાત હું સમજી શકું છું. પણ તું લોકના ભલા

માટે થઈને આટલું કરે તો સારું.'

ચાંડાલે જવાબ વાળ્યો: 'તમારી આ વાત હવે સમજવા જેવી છે. પણ મેં એમ સાંભળ્યું હતું કે જૂના વખતમાં આવું બનતું, ત્યારે રાજા અને પ્રજાજનો એ જગ્યા માગવા માટે જતા, ઝૂંટવી લેવા જતા નહિ. મેં સાંભળ્યું છે કે ન્યાય ને સત્યની વાત પણ એ છે!'

બીજા તો કોઈ કાંઈ સમજ્યા નહિ, પણ રાજા ચંદ્રાપીડની આંખ ઊઘડી ગઈ. એ વખતે તો એ ત્યાંથી ગયો. પણ બીજે દિવસે રાજા ચંદ્રાપીડ પોતે, એનો રાજકુમાર, સચીવો, પ્રજાજનો, બધા ચાંડાલ પાસે આવ્યા અને એની પાસે લોકહેતુ માટે અત્યંત સાદી અને સાચી ભાષામાં જમીનની માગણી કરતા ત્યાં ઊભા રહ્યા!

અને પેલો ચાંડાલ, પોતાનું રાચરચીલું લઈને સૌને નમન કરતો ત્યાંથી તરત ચાલી નીકળ્યો.

રાજાએ કહ્યું: 'રાજ કેમ કરવું, એ આપણને આ ચાંડાલે બતાવ્યું. આપણી વાત માનવગૌરવને હણવા જેવી હતી. આ ચાંડાલે શીખવ્યું કે માનવનું ગૌરવ કરવું, એ સાચી રાજરીત છે!'

[૪]

# સિકંદર

એક વખત ગ્રીસ દેશના રાજા ફિલિપ પાસે ઘોડાનો એક સોદાગર આવ્યો. તે પોતાની સાથે એક ઘોડો લાવ્યો હતો. એ ઘોડો એટલો તો તેજસ્વી હતો. કે સૌ એને જોઈને એના મોહમાં પડી ગયા. આવો તેજસ્વી અશ્વ રાજમાં હોય તો રાજની કિંમત વધે:

એ જમાનો તો અશ્વોને રાખવાનો. એટલે ફિલિપ રાજાએ ઘોડો ખરીદવાનો નિર્ણય લીધો.

પણ જ્યારે એની કિંમત વિષે, એણે સોદાગરને પૂછ્યું ત્યારે કિંમત એટલી તો મોટી એણે બતાવી કે એટલી મોટી કિંમત આપીને ઘોડો ખરીદવો, એ રાજાને મૂર્ખાઈ જેવું લાગવા માંડ્યું.

એ જોઈને સોદાગરે કહ્યું: 'તમે આ ઘોડાની પરીક્ષા કરો અને પછી એની કિંમત તમને વધારે લાગે તો તમે કહેશો તે પ્રમાણે નક્કી કરીશું. પણ પહેલાં ઘોડાની પરીક્ષા કરો.'

એ ઉપરથી ફિલિપે પોતાના સારામાં સારા અશ્વ

પરીક્ષકોને તેની પરીક્ષા કરવા માટે કહ્યું.

પણ એક નવી નવાઈની વાત બની. સારામાં સારા ઘોડાના પરીક્ષકો પણ એ ઘોડા ઉપર સવારી કરવા જતાં, પાછા ફર્યા.

એના ઉપર સવારી કરવાની કોઈની હિંમત જ ચાલી નહિ.

ઘોડો એવો તેજસ્વી અને થનથનાટભર્યો હતો કે સવાર તેની પાસે તો જાય, પણ પછી એને લાગે કે, પોતાની આબરૂના ક્યાંક કાંકરા થઈ જશે. એટલે ઘોડાનાં થનથનાટ અને હણહણાટ જોઈને એ પાછો જ ફરી જાય.

એમાંથી તો પછી વાત એમ શરૂ થઈ કે ઘોડો તેજસ્વી છે, પણ છે નકામો!

એટલામાં ત્યાં ફિલિપનો કુમાર આવ્યો. પોતે પણ ઘોડાને જોઈને છક્ક થઈ ગયો. એણે પણ એનું મૂલ્યાંકન પૂછ્યું.

પણ ફિલિપે કહ્યું: 'મૂલ્યાંકન તો ઠીક, પણ આ ઘોડા ઉપર સવારી કોણ કરશે? એના ઉપર સવારી કરવી

સહેલી નથી !'.

યુવરાજ તરત બોલ્યો: 'કોણ કહે છે કે આના ઉપર સવારી કરવી સહેલી નથી? એના ઉપર તો સવારી કરનારો ખુશ ખુશ થઈ જાય, એવો તેજસ્વી આ અશ્વ છે !'

'તો તો તમે સવારી કરી શકશો !' કોઈકે એને ઉત્તર આપ્યો.

'ફરમાન થાય તેટલી વાર !' યુવરાજે પ્રત્યુત્તર વાળ્યો.

રાજા ફિલિપે તરત ફરમાન કર્યું અને યુવરાજ ઘોડા તરફ ગયો.

પણ ઘોડો તો હણહણાટ અને થનથનાટ કરતો હતો. સવાર થવું, સહેલું ન હતું.

કુમાર થોડી વાર થોભી ગયો. તેણે ધીમેથી એની પીઠ થાબડી, ગરદનની કેશવાળીમાં પ્રેમથી હાથ ફેરવ્યો અને પછી એની ઊભા રહેવાની દિશા બદલી કાઢી. કુમારે જોઈ લીધું કે સૂર્યની દિશાને લીધે, ઘોડો પોતાના પડછાયાથી અશાંત થઈ જાય છે. એટલે દિશા બદલતાં

ઘોડો તદ્દન શાંત થઈ ગયો.

યુવરાજે ધીમે ધીમે, અશ્વને માથે, ડોકે, કેશવાળીમાં હાથ ફેરવ્યો. પીઠ થાબડી. ધીમા, મૃદુ શબ્દોથી એને જરાક ઉત્તેજન આપ્યું, અને પછી એના ઉપર સવારી કરી.

કાંઈ ન હોય તેમ ઘોડાએ સવારી કરવા દીધી.

પણ બધાના મનમાં ભય આવી ગયો હતો કે આણે સવારી તો કરવા દીધી છે, પણ એ પછી તોફાન કરી મૂકશે.

પણ યુવરાજે તો એની લગામ લઈને એને પવનવેગે ઉપાડયો, અને જોતજોતામાં તો એ અદૃશ્ય પણ થઈ ગયો.

બધાની ચિંતાનો પાર ન હતો. સોદાગર પોતે પણ મનમાં મૂંઝાતો હતો. પણ થોડી વાર થઈ અને રાજકુમાર પાછો આવતો દેખાયો. ઘોડા ઉપરની એની સવારી, અને ઘોડાની પણ, પોતાના ઉપરના સવારને સમજી જવાની શક્તિ, એ બન્ને વાત ત્યાં સ્પષ્ટપણે કુમાર વિષે ઘણું ઘણું કહી દેતી હતી.

યુવરાજ નજીક આવ્યો, પરસેવે રેબઝેબ. પણ એણે ઘોડાને પણ ઠીક ઠીક મેદાનમાં દોડાવ્યો લાગતો હતો. બન્ને ખુશખુશાલ હતા. યુવરાજને ઘોડાની તેજસ્વિતાની પરીક્ષા થઈ ગઈ હતી, તો ઘોડાને યુવરાજની તેજસ્વિતાનો પરિચય મળી ગયો હતો.

ફિલિપનું હૃદય યુવરાજને જોતાં જ, આનંદ પામી ગયું. એ આગળ આવ્યો. તેણે પોતાના હર્ષને પ્રગટ કરતાં કહ્યું: 'બેટા, આ રાજ તારે માટે ઘણું નાનું પડવાનું છે. તું કોઈ મહાન રાજની સ્થાપના માટે જન્મ્યો છે. વર્ષોના અભ્યાસી અચ્છા ઘોડેસવારો જે જોઈ શક્યા ન હતા, તે તેં પળ માત્રમાં નીરખી લીધું. આવો સારો ઘોડો હાથથી જાત. તારે માટે બેટા! ભવિષ્યમાં બીજું કોઈ મોટું રાજ ને પરાક્રમ, બન્ને રાહ જુએ છે!'

આ યુવરાજ એ બીજા કોઈ નહિ પણ ભવિષ્યમાં જેણે મહાન એલેકઝાંડર—સિકંદર—તરીકે નામના કાઢી, એ જ આ યુવરાજ હતા. અને આ એનો વિખ્યાત અશ્વ પણ હતો, જેના ઉપર એણે એની સ્મૃતિ જાળવવા કીર્તિસ્તંભ ઊભો કર્યો હતો.

[૫]

# આતમો વરુ

એક જંગલમાં એક યક્ષ રહેતો હતો. દેવોએ એને દરેક માણસના દુઃખનું માપ કાઢવાનું કામ સોંપ્યું હતું. એ એક વૃક્ષ ઉપર બેસે. સુંદર ગીત ગાય. રસ્તે જનારા ત્યાં આકર્ષાઈને આવે એટલે એ એમની સાથે વાતોમાં પડે. વાત વાતમાં એ માણસ પાસેથી કઢાવી લે કે એને શું દુઃખ છે. અને પછી એ દુઃખનો તત્કાલ ઉપાય બતાવે. માણસો તો ખુશ ખુશ થઈ જાય કે આ યક્ષ ખરો પરોપકારી છે. એ તરત આપણા દુઃખનો ઉપાય બતાવે છે.

પણ ઉપાય બતાવ્યા પછી યક્ષ કહે, 'જુઓ ભાઈ! તમને મેં આ રસ્તો બતાવ્યો, તેથી તમારું ઉપરનું દુઃખ તો જશે, પણ અંદરનું દુઃખ તો રહેશે. એ તો ત્યારે જશે, જ્યારે તમને આ મારી વાતમાંથી કાંઈક પણ રસ્તો સૂઝશે. તમારો રસ્તો તમને સૂઝે, ત્યારે જ તમારું દુઃખ જાય. તે પહેલાં તો તમે કેવળ થીગડાં મારી શકો!'

પણ યક્ષની આ વાતને ભાગ્યે જ કોઈ ધ્યાનમાં લે

એ તો પોતાના દુઃખનો તાત્કાલિક ઈલાજ મેળવવા અધીરા થઈ જાય અને યક્ષની ભેટ લઈને ઘેર દોડે!

વળી આ યક્ષ કોઈને પૈસા આપે, કારણ કે એને પૈસાનું દુઃખ હોય. કોઈને ઘર આપે, કારણ કે એને ઘરનું દુઃખ હોય. કોઈને સંતાન આપે, કોઈને સ્ત્રી આપે, કોઈને કેવળ વાતો જ આપે, એમ જેની જે મન–આકાંક્ષા તેને તે મળે.

એક વખત એવું બન્યું કે એક રાજઅધિકારી ત્યાંથી નીકળ્યો. એને કોઈ વાતની ખામી ન હતી. એને સંતાન હતાં, સ્ત્રી હતી, પૈસા હતા, ઘર હતું, અધિકાર હતો. ઘણું, બીજાને ન મળે તેવું એને મળી ગયું હતું.

એનું મન ઠેકાણે હોત તો, આ મળેલી સમૃદ્ધિ એને માટે જીવનમાં સુખરૂપ બની શકે તેમ હતી.

પણ છેવટે તો માણસનું મન ગમે ત્યાંથી દુઃખ અને અસંતોષ શોધી કાઢે છે. ને એમને દૂર કરવા એ દોડા કરે છે. એને એ જીવનનું મોટું કામ માને છે. આ અધિકારીને પણ એક વાતનું દુઃખ લાગે. પોતે મોટો અધિકારી, રાજપાટમાં માન, સત્તા, બધું ખરું, પણ, એની સામે એક શેઠ રહે. એનો વૈભવ જોઈને એને

થાય કે સાળું આપણને આવું તો આ જિંદગીમાં નહિ મળે. આપણો તે કાંઈ અવતાર છે ?

એ રાજઅધિકારી ફરતો ફરતો આ રસ્તે આવ્યો. એના મનમાં પોતાની ઉણપના જ વિચાર ચાલી રહ્યા હતા. મારે ત્યાં આ નહિ, ને પેલું નહિ . . . એના મનમાં આ વાત ચાલી રહી હતી.

અને ત્યાં એણે વૃક્ષ ઉપરથી પેલા યક્ષને બોલતો સાંભળ્યો: 'હે ભાઈ! તને કાંઈક દુઃખ લાગે છે. તારા દુઃખની વાત મને કહે, તો હું મારાથી બને તે મદદ ને કરું!'

પેલા અધિકારીએ તરત જવાબ વાળ્યો, 'ભાઈ! મારે તો બધું સુખ છે. પણ કહેવતમાં કહ્યું છે નાં કે, "વસુ વિના નર પશુ," એ પૈસાના વાંધા છે!'

'આ હો! પૈસાનો જ વાંધો છે નાં? પણ તું વિચાર કરી જો. પૈસા મળશે પછી તને દુઃખ નહિ રહે ?'

'અરે! પૈસા આવે, પછી કોઈને દુઃખ રહે છે, તે મારે દુઃખ રહેશે? ખાશું, પીશું ને મજા કરીશું. થાય તે દાન કરીશું. વધશે તે છોકરાં વાપરશે. પછી દુઃખ કેવું ?'

પણ તું બરાબર વિચાર કરી જો. મેં કેંકને પૈસા આપ્યા છે. પણ પૈસા મળવાથી એમનું જે સુખ હતું એ પણ એમણે ગુમાવ્યું છે!'

'અરે હોય કાંઈ? પૈસા મળવાથી મેં તો કોઈને દુઃખી થતો જોયો નથી!'

'તો ત્યારે તું ઘેર પહોંચી જા. તારે ત્યાં સોનાના છ ચરુ મૂકી દીધા છે. એમાં પાંચ તો આખા છલકાતા છે. છઠ્ઠો થોડો અધૂરો છે!'

'અરે! કાંઈ વાંધો નહિ. છ ચરુ ધન કોને કહે છે? મારું દુઃખ અરધું પરધું તો આ સાંભળતાં જ ચાલ્યું ગયું છે!' યક્ષ મનમાં ને મનમાં હસી રહ્યો. ને આ ભાઈ તો દોડતા દોડતા ઘેર પહોંચ્યા.

ઘેર જઈને જુએ છે તો, સોનાથી ભરેલા છ ચરુ એની દૃષ્ટિએ પડ્યા. એ તો આનંદમાં આવી ગયો. એને થયું, પેલા વૃક્ષ પાસે એ યક્ષનું જ એક થાનક તો કરીશું. લોકો એની પૂજા કરશે. અને યક્ષને પણ સારું લાગશે.

પણ એટલામાં એને એક બીજો વિચાર આવ્યો.

આ છઠ્ઠો અધૂરો ચરુ પહેલાં પૂરો કરી લઈએ. પછી બધું કરીશું.

અને એ અધૂરો ચરુ પૂરો કરવા માટે હવે એ રાત દિવસ મહેનત કરવા મંડયો. કોઈનાં કામ કરે, કોઈની પાસેથી ધમકાવીને પૈસા કઢાવે, કોઈને ફોસલાવે, કોઈની પાસે પૈસા માગે, અને એમ જે રકમ આવે, એ બધાનું સોનું લઈને પેલા અધૂરા ચરુમાં નાખે.

પણ કોણ જાણે શું થાય કે એ ચરુ જયારે જુઓ ત્યારે એટલો ને એટલો અધૂરો દેખાય! પછી તો એણે રાજાને પણ મોંએ ચડીને કહ્યું: 'મારો પગાર વધવો જોઈએ. મારે ઘણાં કામ કરવાં પડે છે! ભાડું ભથ્થું તો હું ઓછામાં ઓછું લઉં છું. એટલે પણ પગાર વધવો જોઈએ!'

રાજાને એના કામથી સંતોષ હતો, એટલે એણે પગાર પણ વધારી આપ્યો.

એ પગાર વધારો પણ એણે ચરુમાં પધરાવવા માંડયો!

પણ કેવો એ ચરુ! એ તો અધૂરો ને અધૂરો! એમાં કાંઈ વધે ને કાંઈ ઘટે! પેલા અધિકારી ભાઈ તો હવે આ

ચિંતામાં પડી ગયા: એમને એ ચરુ પૂરો કરવો છે, ને એ પૂરો થતો નથી. અને એટલે એમનાં બીજાં કેટલાંય કરવાં ધારેલાં સારાં કામ પણ રખડ્યા કરે છે!

ઘડીભર તો એને એમ પણ થાય છે કે એ ચરુ પડે મોટી ખાડમાં, આપણે એ પૂરો કરવો નથી. પણ એ વિચાર આવે ન આવે, ત્યાં એને થાય. ના ના, થોડાક માટે એને અધૂરો રહેવા દેવો? પછી તો માણસના પરાક્રમની કિંમત શી?

પણ એમ ને એમ દિવસો તો પસાર થતા રહ્યા: એને છેવટે લાગ્યું એ યક્ષ પાસે જ જવા દે. એનો ખુલાસો મેળવવા દે. એટલે એ પાછો યક્ષ પાસે ગયો. પણ આ વખતે એણે યક્ષને જ જોયો નહિ. ઘણો પ્રયત્ન કર્યો; પણ યક્ષ ક્યાંય દેખાય નહિ.

પણ એને બદલે એક આકાશી વાણી એના સાંભળવામાં આવી: 'ભાઈ! અધૂરો ચરુ એ તારું મન છે. એટલે તારા મનને જ્યારે એમ લાગે કે, આ હો! આટલું તો મારે ઘણું છે ત્યારે એ ચરુ પૂરો થાય. પણ મનને સંતોષ થાય નહિ ને અધૂરો ચરુ ભરાય નહિ!

છેવટે થાકીને એણે મોટેથી બૂમાબૂમ કરી ત્યારે

એના કાનમાં અદૃશ્ય અવાજ માત્ર આવ્યોઃ ‘હે ભાઈ! તું મફતનો આંહીં આવ્યો છે. તારો એ અધૂરો ચરુ ભરાશે નહિ, ત્યાં સુધી તું સુખી થવાનો નથી!’

‘પણ એ શી રીતે ભરાય? હું તો એમાં કાંઈ ને કાંઈ નાખતો રહું છું. પણ એ તો ઊલટાનો વધારે ને વધારે ઊણો થતો જાય છે!’

‘એને ભરવાનો ઉપાય તો તદ્દન સહેલો છે. કાંઈ નહિ નાખ. તો પણ એ ભરાઈ જાશે!’

‘એમ છે? કાંઈ નહિ નાખું તો પણ એ ભરાઈ જશે? નવી નવાઈની વાત. રાજઅધિકારી ભાઈ તો આવી વાત સાંભળીને ચોંકી ઊઠયા.

પણ એ તો ઘેર જઈને એ નિયમ પાળવા લાગ્યા. પણ ચરુ તો ભારે ચમત્કારી નીકળ્યો. એ તો હતો તેવો ને તેવો રહ્યો! એટલે વળી એ થાકીને પેલા યક્ષ પાસે ગયો. યક્ષે કહ્યું: ‘ભાઈ! જો તું સમજ્યો હોત તો આ એ અધૂરો ચરુ ક્યારનો ભરાઈ ગયો હોત. તારી ઇન્દ્રિયોને તું છલકાવી દે, તોપણ તને સુખનો અનુભવ નહિ થાય, જ્યાં સુધી આ તારો છઠ્ઠો મન અધૂરું છે ત્યાં સુધી.

‘એટલે તું હવે ઘેર જા. અને તારા છઠ્ઠા ચરુને

છલકાવવાનો પ્રયત્ન છોડી દે. તું તારા મનને કાંઈ ન આપીને, ઘણું કેમ આપી શકે, એ વિષે વિચાર કરતો થા. એટલે છઠ્ઠો ચરુ પણ છલકાઈ જશે.!

'અને એ બધા છલકાઈ જાય ત્યારે તું આવજે. સુખ તને તરત ત્યારે મળશે. તે પહેલાં નહિ !

'જેણે જેણે છઠ્ઠો ચરુ ભરવાનો યત્ન કર્યો છે એ બધા જ હેરાન હેરાન થઈ ગયા છે.

'એ ન ભરવાથી ભરાય છે આ વાત છે. મનને આપવાથી નહિ, ન આપવાથી, એ તૃપ્તિ પામે છે. એની આ ખૂબી છે......!'

રાજ અધિકારી તો આ વાત સાંભળીને મનમાં ધા ખા ખાઈ ગયો. એ ઘેર તો ગયો, પણ હવે મનને કાંઈ ન આપવું એ નવો પાઠ એને ભણવાનો હતો. એ વિષે એ વિચારમાં પડી ગયો.

એના પોતાના પાડોશી શેઠ સાથેની સ્પર્ધા તો હવે ઊડી ગઈ. પણ એને નવાઈ તો એ લાગી કે અત્યાર સુધી એણે જે જે કર્યું હતું, એમાંનું કાંઈ જ આ નવા પાઠને માટે ઉપયોગી ન હતું !

એણે આ મનને કાંઈ ન આપવાનો નવો પાઠ શીખવો રહ્યો.

[૬]

# વિવેકભરેલો પ્રેમ

એક વખત એવું બન્યું કે એક માણસ પોતાના ગામમાં પોતાની પ્રતિષ્ઠા, પૈસો મકાન અને સ્થાન બધું અચાનક ખોઈ બેઠો. એનાં વહાણ ભરદરિયે હતાં. એ ડૂબ્યાં, અને એમાં એ પણ ડૂબી ગયો.

એ એવો તો ગરીબ થઈ ગયો કે, એને એ ગામમાં રહેવું ભારે થઈ પડ્યું.

એનો પોતાનો છોકરો પણ, એની આ ગરીબી ન જોવાયાથી એક દિવસ ભાગી ગયો.

એટલે તો આ માણસને હવે, પોતાના ગામમાં રહેવું ભારે અકારું થઈ પડ્યું. જૂનાં સગાંવહાલાં જાણે એને ઓળખતાં જ ન હોય એમ વર્તે. 'વસુ વિના નર પશુ' એવી વાત થઈ પડી. નાતીલાઓ એને જોઈને મોં મચ-કોડે. ગામવાસીઓ એને આવતો જુએ એટલે આઘા-

પાછા થઈ જાય. ભિખારીનું કોણ મોં જુએ ? એમ માનીને કોઈ એની પાસે ફરકે જ નહિ.

પોતાની આવી અપમાનજનક સ્થિતિ પોતાના જ ગામમાં થઈ રહી છે એ જોઈને, પેલા માણસે નિશ્ચય કર્યો કે, આપણે ગામ બદલાવી નાખવું. જીવતો નર ભદ્રા પામે એ ન્યાયે એણે પોતાનું જીવન ટકાવી રાખવા માટે ગામ જ બદલી કાઢ્યું. હમેશનું અપમાન કોઈક વખત એને આપઘાત પ્રત્યે દોરી જશે એવી એને બીક લાગી. અને એણે પોતાનું ગામ છોડી દઈ બીજે જવાનો નિર્ણય કર્યો. અને તે પ્રમાણે એક દિવસ, કોઈને કહ્યા કારવ્યા વિના, પોતે એકલો ચાલી નીકળ્યો. છોકરો તો એનો ભાગી ગયો હતો. ઘરમાં બીજું કોઈ હતું નહિ. એ પણ ચાલી નીકળ્યો. એના મનમાં એક વાત શૂળની પેઠે ખટકતી રહી—ગામે મને જરાક મદદ કરી હોત—બેઠા થવા માટે, પણ કાંઈ નહિ, ચાલો, આપણાં નશીબ આપણી સાથે.

એને થયું કે છોકરો ભેગો હોત તોપણ એને ટેકો રહેત. પણ એ પહેલેથી ભાગી ગયો. ચાલો, નશીબ !

ફરતો ફરતો દૂર દૂરના એક ગામમાં એ પહોંચ્યો.

ત્યાં એને કોઈ ઓળખતું પાળખતું ન હતું. એટલે એ સામાન્યમાં સામાન્ય મજૂર બનીને થાય તેવું કામ કરવા લાગ્યો. પણ હમેશાં સાંજે એકલો ખાવા બેસે અને છોકરો સાંભરે! અરે! ભાગી ગયો ન હોત! પણ વળી વિચાર થાય કે, એ બિચારો પણ શું કરે? મારી દશા જોઈ શક્યો નહિ, એટલે મૂંઝાઈને ભાગી ગયો.

પણ એના મનમાં એક વિચાર આવે. ભગવાન કરે ને સારો દી પાછો વળે, તો આ છોકરાને હું શોધી કાઢું ને બધો વારસો એને સોંપી દઉં. બસ, એટલી એક આશા હવે રહી છે. એ બિચારો મારાં દુઃખ જોઈ શક્યો નહિ અને ભાગી ગયો. એય કોણ જાણે ક્યાં માગી ખાતો હશે! આમ ને આમ, આ માણસ તો પોતાનું જીવન ગાળવા લાગ્યો. પણ પુરુષના નશીબ આડે પાંદડું, એ કહેવત જાણે ફળવાની હોય તેમ, એને મજૂરીમાંથી જ, પોતાના ધંધાનો માર્ગ સૂઝ્યો. અને એ નાનકડી શરૂઆત કરીને, ધંધે ચડ્યો. મજૂરી મૂકી દીધી.

ધીમે ધીમે એના ધંધાએ એને યારી આપી. અને એ ધંધામાં એ આગળ વધ્યો.

એમ કરતાં કરતાં તો એને ત્યાં લક્ષ્મી આવવા મંડી.

ધીમે ધીમે વેપારનાં વહાણ થયાં. વૈભવ આવ્યો. ઘોડાગાડી બંધાણી. નોકર ચાકર વધ્યા. થોડા વખતમાં તો એ શેઠ થઈ પડયો.

એ પોતે પોતાની પેઢી ઉપર આગલા ભાગમાં બેસે. પાછળ નોકરચાકર કામ કરતા હોય. ગુમાસ્તા નામાં લખતાં હોય. કોઈ માલ ખરીદવા જતા હોય. કોઈ માલ વેચવા જતા હોય. શેઠ તો આગળની ગાદી-તકિયાની બેઠક ઉપર બેસે અને હુકમ આપતા જાય.

પણ એનું ધ્યાન આગળના મોટા રાજમાર્ગ ઉપર હોય. કોઈ ભગત ભિખારી નીકળે તો બોલાવીને કોઈને કપડું આપે, કોઈને ભોજન આપે, કોઈને પૈસા આપે. જેવી જેની જરૂરિયાત. એના મનમાં ઊંડે ઊંડે એક વાત છે. પોતાનો છોકરો, કદાચ કોઈક વખત, આમ મળી જાશે!

અને હવે તો સારા દિવસ આવતાં, એના મનમાં તાલાવેલી જાગી છે કે, પોતાનો બધો વારસો, એ છોકરાને એ સોંપતો જાય. બીજું કોઈ તો એના ઘરમાં છે નહિ.

એ માણુસની તલ્લીનતા ફળી, કે પછી એની પ્રાર્થના ઈશ્વરે સાંભળી, કે એના સત્કાર્યનો બદલો મળ્યો, કે જે હોય તે, પણ એક દિવસ એક ભિખારી ઉપર એની દૃષ્ટિ પડી અને એ ચોંકી ઊઠયો! એને થયું એનો છોકરો જ લાગે છે. મનમાં વિચાર આવી ગયો. વધુ બારિકીથી જોતાં તો એને ખાતરી થઈ ગઈ કે એ એનો છોકરો જ છે!

એનો આ છોકરો, ભીખ માગવા માટે જ આવેલો. એ એના બાપને ઓળખતો નથી અને આંહીં આવવા છતાં ઓળખી શકયો પણ નથી. એ તો કેવળ પોતાની ભીખ માંગવા માટે આવ્યો છે.

પણ એ એવો તો લઘરવઘર, રંકમાં રંક ભિખારી છે કે શેઠનો વૈભવ, એનો પ્રતાપ, એની આસપાસ ફરતી નોકરોની સેના, દ્વાર પાસે ઊભેલો દ્વારપાલ, માણસોની આવજાવ બધી અખૂટ સમૃદ્ધિની નિશાનીઓ જોઈને, એ ઘડીભર વિચારમાં પડી ગયો. એને કોણ જાણે કેમ એમ થઈ ગયું કે, હું તો ભિખારી જેવો પણ દેખાતો નથી. હું તો લઘરવઘર, તદ્દન નિર્માલ્યમાં નિર્માલ્ય, રાંકમાં રાંક ભિખારી દેખાઉં છું. આવા

વૈભવશાળી શેઠ પાસે હાથ લાંબો કરતાં પણ લાજી મરું !

આવો વિચાર આવતાં એ શેઠ પાસે કાંઈ માગવા માટે પણ જઈ ન શક્યો. એની દૃષ્ટિ ત્યાં આવેલા બીજા ભિખારીઓ ઉપર પડી. એને થઈ ગયું કે, એના જેવો નમાલો રાંકો ભિખારો તો કોઈ નથી. પોતે આંહીં કાંઈ ન માગે, એ જ યોગ્ય છે. મફતની શેઠની દૃષ્ટિ જો આ બાજુ પડી તો એને પણ એ જ વિચાર આવશે કે બીજા ભિખારીઓને કાંઈક આપો, પણ પેલો લઘરવઘર રાંકો છે; એ તો બધી હવાને, જગ્યાને ને સ્થાનને લજવે છે: એને તો મારીને જ હાંકી કાઢો !

એના જેવા નમાલા રાંકાને જોઈને શેઠને પણ એમ થશે !

અને ત્યાં તો જાણે એના મનની વાત સાચી ઠરતી હોય તેમ; શેઠ પણ એની તરફ જ જોતા હતા !

શેઠ તો જોતા હતા એમ કે આ છોકરો મારો લાગે છે. પણ એને હવે શી રીતે પોતાના છોકરા તરીકે ઓળખાવી શકાય ? એટલે એને કાંઈક કામ આપ્યું હોય તો ધીમે ધીમે એની પિછાન વધારી શકાય. શેઠે એમ વિચારીને દ્વારપાલને બોલાવ્યો. પણ પેલો લઘર-

વધર તો એ જોતાં જ મુઠ્ઠીઓ વાળીને ભાગ્યો જ! એવો ભાગ્યો કે ન પૂછો વાત!

શેઠે એને ભાગતો જોયો ને એને થયું કે પાછો ખોવાઈ જશે. એટલે એમણે તરત એની પાછળ માણસો દોડાવ્યા. પણ પેલો તો આ જોઈ વધારે ભાગતો જ ગયો!

એને એના મનની વાત સાચી થતી લાગી. એને કાઢી મૂકવા માટે દ્વારપાલને બોલાવ્યો, એમ એને થયું.

છેવટે એ પકડાયો તો ખરો, પણ એને એમ છે કે મને હવે સૌ મારશે. એટલે એ ભાગી જવાની તક શોધતો ઊભો છે. શેઠે એ જોયું. એમણે વિચાર કર્યો કે, અત્યારે આને કાંઈ પણ કહેતાં, કાંઈનું કાંઈ થઈ જાય તેમ છે, માટે એને આશ્વાસન આપીને, નોકરીએ રાખવાની વાત કરવાથી, કદાચ એ કાંઈક શાંત થશે.

એટલે એ પ્રમાણે ધીમે ધીમે પોતાના માણસ મારફત જ એને નોકરી આપવાની વાત કરી ને નોકરીમાં રાખ્યો. એનાં કપડાં પણ નોકર જેવાં જ

રાખ્યાં અને એને ઘર વાળવાનું કામ સોંપ્યું.

પેલો ભિખારી નોકર તો થયો, પણ હજી એને વિશ્વાસ બેઠો નથી. એટલે એ તો પોતે એકલો એકલો પોતાનું કામ કર્યા કરે છે. બહુ હળતો મળતો નથી.

નોકરો બોલાવે તો બોલતો નથી. શેઠને થયું કે, એની વાત નોકરો પહેલાં જાણે, એ ઠીક નથી. અને પોતે એને બોલાવીને પૂછશે, તો તો એ કહેતો હોય તોપણ નહિ કહે.

એટલે એની સાથે, એના જેવા નોકર થયા વિના એની વાત જણાશે નહિ. એને ખબર લાગતી નથી કે, એ કોણ છે, ક્યાં આવ્યો છે. એમાં જો અચાનક એને વાત થશે, તો એની અસર પણ ઊંધી પડશે એટલે એણે એક જુક્તિ ગોઠવી. પોતે એને કહેવરાવ્યું કે, વાળવાનું કામ તો વહેલામાં વહેલું થઈ જવું જોઈએ, તો દિવસ ઊગ્યા પછી એને બીજું કામ અપાય. એટલે એ પ્રમાણે પેલો એનો છોકરો, વહેલી સવારે ઊઠીને મોં સૂઝણું થાય તે પહેલાં, બધું વાળી નાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

એ વખતે શેઠ પોતે પણ નોકર જેવો જ વેષ પહેરીને, ચુપચુપ કામ કરવા માંડયા. એટલે એને

એમ લાગે કે, આ કોઈ બીજો નવો નોકર આવ્યો છે. પછી ધીમે ધીમે, એનો પરિચય સાધ્યો. પેલા છોકરાને જ્યારે વિશ્વાસ બેઠો કે આ નવો નોકર તો, શેઠનો પોતાનો વિશ્વાસુ માણસ છે, ત્યારે ધીમે ધીમે પોતાના મનની વાત એને એ કહેવા મંડયો. એને ખબર નથી કે આ નોકર તો શેઠ પોતે જ છે.

એમાંથી શેઠને ખાતરી થઈ ગઈ કે, આ માણસ એનો જ પુત્ર છે! પણ જો એ વાત પોતે પ્રગટ કરે, તો કોને ખબર છે, વખતે એનું ફટકી જાય, કાં અઢળક પૈસો દેખીને ઊંધે રવાડે ચડી જાય. માટે એના જ હિતની ખાતર, પોતાનો પ્રેમ, એણે પોતાના મનમાં જ રાખ્યો, પ્રગટ પણ ન કર્યો. એને કાંઈ વાત પણ ન કરી. પણ એને કહ્યું કે, તારા સારા કામની હું શેઠને વાત કરીશ, એટલે શેઠ તને વધારે સારી નોકરી આપે તો આનાકાની કર્યા વિના તું લઈ લેજે. મારે તો થોડા દી પછી શેઠના કામે બહાર જવાનું છે, પણ તારી ભલામણ હું કરતો જઈશ.

એવી રીતે ધીમેધીમે પિતાએ પુત્રને પોતાનો વારસો સોંપવા માટે આગળ લીધો.

એને જવાબદારીભરેલું કામ સોંપ્યું. પછી એ જવાબદારી પોતાની અક્કલ ઉપર ચલાવી શકે, એવી ગોઠવણ કરી. પછી એને પેઢીમાં લીધો. પણ હજી એને વાત કરી નથી કે તું મારો પુત્ર થાય છે!

એમ કરતાં કરતાં તો એ જુવાન માણસ, શેઠની પાસે બીજી જ જગ્યાએ આવીને બેસવા માંડયો. પણ હજી એને ખબર આપી નથી કે આ બધાનો માલિક તું છે.

એમ કરતાં કરતાં શેઠની તબીયત લથડી. એમને એમ થયું કે હવે પોતે તો પાંચ પંદર દીના મહેમાન છે, ત્યારે એણે આ જુવાનને એકાંતમાં તેડાવીને બધી વાત પહેલેથી માંડીને કહી. પુત્ર તો પિતાની આ પ્રેમ-વાર્તા સાંભળીને ગદ્ગદ્ થઈ ગયો. એને થઈ ગયું અરે! છેક છેલ્લી પળ આવી ગઈ છે અને હું આવા વત્સલ પિતાની ઓળખાણ મેળવું ન મેળવું, તે પહેલાં તો એ જવાના છે. પણ પિતાએ એને સાંત્વન આપીને કહ્યું કે, 'જો ભાઈ! મેં તને મારા પ્રેમને લીધે જરાક જ વહેલી આ વાત કરી હોત તો એનું પરિણામ ઊંધું જ આવત.

'મેં તને તૈયાર કર્યો છે. અને હવે શહેરના મહા-
જન અને બધાને બોલાવીને, તારો વારસો તને આપી,
પછી હું શાંતિથી વિદાય લઉં!'

ભગવાન બુદ્ધે આ વાત સાધુઓને સંભળાવીને કહ્યું: "સાધુઓ! આ પિતાનો પ્રેમ, એ સાચો વિવેકભર્યો પ્રેમ હતો. સાધુઓએ, પ્રેમ આવી રીતે દુનિયાને આપવાનો છે, વિવેકથી, શાંતિથી, જાતત્યાગથી."

[૭]

# કોયડાનો ઉકેલ

રાજા શાલિવાહન પાસે એક કોયડો આવ્યો. આમ જુઓ તો કોયડો કાંઈ નહિ, અને આમ જુઓ તો એનો ઉકેલ શોધ્યા વિના તો લાખોની મિલકત રખડી પડે, ન ધણિયાતી થઈ જાય એવી અઘરી વાત.

ત્યારે એ કોયડામાં એવું શું હતું ?

કોયડાની વિગત આમ હતી. નગરના શ્રેષ્ઠી મરણ પામ્યા હતા. એણે મરતી વખતે પોતાના ચાર છોકરાઓને બોલાવીને કહ્યું: ‘જુઓ ભાઈઓ! મારી જે કાંઈ માલમિલકત છે, જમીન છે, દ્રવ્ય છે, એ બધું મેં તમને ચારેને વહેંચી આપ્યું છે. કઈ રીતે વહેંચ્યું છે, તે તમે સાંભળો. આ મારા પલંગના ચારે પાયે મેં તમારા દરેકના નામનો એક એક નોખો ભાગ મૂક્યો છે, તે તમે લઈ લેજો. દરેક જણ પોતપોતાનો

ભાગ લે, એટલે કોઈને ઓછું વધતું નહિ મળે.'

ત્યાર પછી શ્રેષ્ઠી તો મરણ પામ્યા. પણ પછી ચારે પુત્રોએ એમનો અંતિમ વિધિ સારી રીતે પતાવ્યો ને પછી પિતાજીના કહેવા પ્રમાણે ચારે પાયે ખોદવા બેઠા. ચારે પાયેથી ચાર વસ્તુઓ તો નીકળી. પણ એવી વિચિત્ર વસ્તુઓ નીકળી કે ઘડીભર તો છોકરાઓ દિઙ્મૂઢ થઈ ગયા.

એમને લાગ્યું કે પિતાજીએ આપણી મશ્કરી કરી કે પરીક્ષા લીધી કે શું સમજવું?

કારણ કે એક પાયા નીચે એક જણાને નામે વસ્તુ તો નીકળી, પણ કેવળ કુશકા. એક જણાનો ભાગ કુશકા. બીજા પાયા નીચે, બીજાનો ભાગ હતો. પણ કેવળ કાગળ! બીજું કાંઈ નહિ. હવે ત્રીજા માટે વસ્તુ નીકળી એ તો વિચિત્રમાં વિચિત્ર. કેવળ માટીનો પિંડો! અને ચોથાને ભાગે આવ્યા કોલસા!

આવા ચાર ભાગ, ચાર જણાને મળ્યા, તો એમણે એમાં શું સમજવું?

શું, પિતાજી એમ કહેવા માગતા હતા કે,

ભાઈઓ ! મારી પાસે કાગળ, માટી, કુશકા અને કોલસા જ રહ્યા છે. એમાં તમે શું મેળવો ?

અને એનો અર્થ તો એમ થાય કે, પિતાજીએ જીવતાં બધી જ મિલકત વેડફી નાંખી છે, ને હવે છે નહિ કાંઈ. કેવળ દેખાય છે એટલું જ ! પણ એમાંનું કાંઈ એમનું નથી. બીજાના અધિકારનું થઈ ગયું છે.

શું આ ચાર વસ્તુઓ આ વાત કહે છે ?

પણ એમને પાકી ખાતરી હતી કે, પિતા પાસે કોઈનું માગણું નથી. મિલકત બધી અકબંધ છે ને ચારે જણા એના માલિક છે. પણ તો હવે 'પિતાજીના કહેવા પ્રમાણે કયો ભાગ કોણે લેવો ?'

આ તો એક કોયડો થઈ પડયો. ભલભલા વિદ્વાનો પાસે એ ગયા, નગર ન્યાયાધીશ પાસે ગયા, પણ કોઈ એનો ઉકેલ શોધી શકતાં નથી કે શું કરવું તે કહી શકતા નથી.

દેશપ્રધાનને પણ મળ્યા. પણ કાંઈ ઉકેલ જડયો નહિ.

છેવટે ચારે જણા રાજા શાલિવાહન પાસે ગયા.

રાજા અત્યંત સૂક્ષ્મ બુદ્ધિનો અને વ્યવહારદક્ષ હતો. એણે ચારે જણાને બેસારીને પૂછ્યું : ‘તમારા પિતાની શી શી મિલકત છે તે તમે જાણો છો ?’

‘હોવે—એ કેમ ન જાણીએ ? પિતાજી મિલકતમાં જમીન મૂકતા ગયા છે, મહેલો છે, નાણું છે, નામું છે ઘણું છે.’

‘બરાબર,’ શાલિવાહન રાજાએ કહ્યું, ‘ત્યારે હવે થોડી વાર બેસો અને તમારી એ ચારે ચીજો મને આપો. હું તમને એનો ઉકેલ શોધી આપીશ !’

‘પણ ચીજોમાં તો કાંઈ લખ્યું નથી. અમે બહુ ઝીણવટથી જોયું છે !’

‘ચીજોમાં જ બધું તમારા પિતા લખતા ગયા છે. તમને હમણાં વાંચી બતાવું છું.’

એમ કહીને રાજા શાલિવાહન તો ચારે ચીજો લઈને અંદરના ખંડમાં ગયા. થોડી વાર પછી એ માટીનો પિંડ લઈને આવ્યા. આવીને એમણે કહ્યું : ‘જેના ભાગમાં આ નીકળ્યું, તેને શું મળે છે તે જાણો છો ?’

‘શું શું ? શું ?’ ચારે જણા ઉત્સુક થઈ ગયા.

'જેના ભાગમાં આ માટીનો પિંડ નીકળે છે તેને મળે છે જમીન...'

મોટા ભાઈના ભાગમાં આ પિંડ હતો અને એ જમીનનો વારસ થતો હતો. બધા મનમાં સંતોષ પામ્યા કે પિતાજીએ આ વાત તો બરાબર કરી છે. જમીન મોટાની હોય તે જ ઠીક.

ત્યાં શાલિવાહન રાજાએ કહ્યું: 'જેના ભાગમાં આ કાગળ છે એને લોકો પાસેનું બધું લેણું મળે છે. એણે એ લેવું.'

આ વાતની પણ બધાને ગડ બેસી ગઈ. લોકોનું લેણું એ કાગળ ઉપરની વાત થઈ.

'હવે ત્રીજો કુશકાવાળો, એનું શું?'

'કુશકા શું બતાવે છે ખબર છે?' રાજા શાલિવાહને પૂછ્યું. અને એણે જ ઉત્તર આપ્યો. 'કુશકા એટલે અનાજ. અનાજના કોઠારો–ભંડારો–એ કુશકાવાળાને ભાગે જાય છે.'

હવે સૌનું કુતૂહલ વધી ગયું. કોલસા! કોલસાવાળો શું મેળવશે?

ત્યાં રાજાએ કોલસો હાથમાં રાખીને કહ્યું: 'આ કોલસો બતાવે છે, ખનીજ. જમીનમાંથી નીકળનારું સોનું અને રૂપું એ ખનીજ. એ આ કોલસાવાળાનો ભાગ. રોકડનો!'

બધા આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. એમને થઈ ગયું. પિતાજીએ ભાગ તો બરાબર સરખા કરીને જ વહેંચ્યા હતા.

અને આપણી ચારેની બુદ્ધિ પણ સરખી જ છે. કારણ કે કોઈને આ કોયડો આ રીતે સમજાયો ન હતો.

રાજા શાલિવાહન રાજપદને યોગ્ય છે. એ વાત પણ એ સમજી ગયા.

રાજા શાલિવાહનની આ વાત નગરમાં પ્રસિદ્ધ થઈ અને પછી તો એ દેશવિદેશમાં પણ ચાલી.

આવનાર રાજા માટે, જાણે એણે એક દૃષ્ટાંતકથા કહી હતી કે, પ્રજાની વાતનો ઉકેલ ન લાવી શકે, તે રાજા શાનો? સત્તાધીશ શાનો?

મૂરખાઓ ઉકેલ નથી કરી શકતા. માટે એવો સત્તાધીશ તો મૂરખમાં ખપે.

[૮]

# પોતાનામાંથી જ શીખો

સારિપુત્ર સ્થવિરની એક વાત છે. એક નગરમાં ભગવાન બુદ્ધના ભિખ્ખુસંઘને ખાજાં ખાવાનું એક શ્રેષ્ઠીએ પ્રેમથી આમંત્રણ આપ્યું. માણસો ભિખ્ખુ થઈ જાય, તેથી એ રસાસ્વાદથી પણ પર થઈ જાય એવો નિયમ નથી. રસાસ્વાદથી પર થવા માટે તો યત્ન કરવાનો હોય છે. એટલે આ ભિખ્ખુસંઘના દરેકે દરેક ભિખ્ખુએ ધરાઈ ધરાઈને ખાજાં ખાધાં. પણ એમણે ખાધા પછી પણ ખાજાં તો વધી પડ્યાં.

એ વખતે સારિપુત્રનો એક શિષ્ય બહાર ગયેલો. એને આ ખાજાં–ભોજનનો લાભ મળ્યો નહીં, એટલે બધાએ સારિપુત્રને કહ્યું કે, એ આવશે ત્યારે, એને પણ આ ભોજનનો લાભ મળે માટે એના ભાગનાં ખાજાં લઈ રાખો. ખાજાં તો ઘણાં વધ્યાં છે.

એ સાંભળીને શ્રેષ્ઠીએ પોતે જ સારિપુત્રના શિષ્ય માટે ખાજાં આપ્યાં.

સારિપુત્રે એ ખાજાં લીધાં ને પોતાના શિષ્ય માટે રાખી મૂક્યાં.

પણ બન્યું એવું કે પેલો શિષ્ય તો મોડું થયું પણ દેખાયો જ નહિ.

સારિપુત્રે રાહ તો ઘણી જોઈ, પણ એનો શિષ્ય આવ્યો જ નહિ.

છેવટે જ્યારે સારિપુત્રને લાગ્યું કે એનો શિષ્ય ક્યાંક રોકાઈ ગયો લાગે છે. કદાચ કોઈએ ભોજન માટે જ રોક્યો હશે ત્યારે એના ભાગનાં જે ખાજાં હતાં, તે સારિપુત્ર, બગડી જાય નહિ માટે, પોતે જ ખાઈ લીધાં.

પણ જ્યાં એણે ખાજાં ખાઈ લીધાં, ત્યાં જ પેલો શિષ્ય આવતો દેખાયો.

હવે શું થાય ? ખાજાં તો હતાં નહિ. પોતે ખાઈને બેઠા હતા ને શિષ્ય આવ્યો હતો. લાગતો હતો પણ ભૂખ્યો ડાંસ.

એને આવેલ જોઈ ને સારિપુત્રે એને કહ્યું : 'આયુ-

ષમાન! ખાજાં અત્યાર સુધી તારે માટે સાચવ્યાં ને હમણાં જ મેં ખાધાં.'

શિષ્ય એક તો ભૂખ્યો હતો ને ખાજાં પોતે ખોયાં હતાં. એટલે કાંઈક દંશ લાગે તેવી વાણી તેનાથી બોલાઈ ગઈ. તેણે કહ્યું: 'ભન્તે! રસભરી ચીજ કોણ છોડી શકે? કોને એ અપ્રિય લાગે?'

પણ સારિપુત્ર તો એ વચન સાંભળીને ઊંડો જ ઊતરી ગયો. એના મનમાં એક પ્રકાશ થઈ ગયો. વાત સાચી હતી. મને મધુર લાગી, માટે મેં એ ચીજ ખાઈ લીધી હતી.

પણ આ ભૂલમાંથી પોતાની જાત ન ઘડે તો એ સારિપુત્ર શાના?

સારિપુત્રે ત્યાં ને ત્યાં એ જ ક્ષણે, પોતાના મનમાં દૃઢ નિર્ણય કરી લીધો: 'હવે પછી કોઈ દિવસ ખાજાં ખાવાં જ નહિ!'

અને એ નિયમ એમણે જીવનભર પાળ્યો.

ભિખ્ખુસંઘમાં આ વાત પ્રગટ થઈ ત્યારે સારિપુત્રની જાગૃતિ માટે બધાને ભારે માન થયું. અને સારિપુત્ર કહેતા હતા કે, જાતઘડતર પોતાનું, પોતા પાસે જ છે, એ સત્ય બધાને હવે સમજાયું.

[૯]

# ધર્મને નામે

શ્રીમકૃષ્ણ પરમહંસે એક સુંદર દૃષ્ટાંતકથા આપી છે. એક માણસને એમ લાગતું હતું કે જો પોતે એક જ દેવને બરાબર ભજશે, તો એ દેવ એનો ઉદ્ધાર કરી નાખશે. એણે ભગવાન શંકરની ઉપાસના આદરી.

એ જે રીતે ભગવાન શંકરને ભજવાનું સમજ્યો હતો તે રીતે એણે તો રાત ને દિવસ, ભગવાન શંકરને ભજવાનું શરૂ કરી દીધું.

એને છીંક આવે એટલે એ તો ભગવાન શંકરનું નામ લે. અને બગાસું આવે તો પણ ભગવાન શંકર. દયા આવી કે, ભગવાન શંકર. અને ગોઠણ ભાંગે તો પણ ભગવાન શંકર! એને એમ હતું કે આ ભક્તિ છે. આ ઉપાસના છે. આ ભજન છે.

એમાંથી તો એના મનમાં એક બીજી માન્યતા પણ આવી. બીજા દેવોની નિંદા કરવી, અને ભગવાન શંકરને સાતમે આસમાને ચડાવવા એ પણ ભક્તિ છે. એટલે એ તો હાલતાં ને ચાલતાં ભગવાન શંકરનો મહિમા ગાયા કરે. ભગવાન શંકર આમ ને ભગવાન શંકર તેમ. એ સિવાય બીજું તો કાંઈ એ સમજે નહિ, પણ ભગવાન શંકરની વાતો કર્યા કરવી એ જ ભક્તિ છે, શ્રદ્ધા છે, ધર્મ છે, એમ માને.

આ એનું ગાંડપણ કે પૂર્વગ્રહ છેવટે એટલાં બધાં આગળ વધ્યાં કે ભગવાન શંકર સિવાય બીજા કોઈ દેવનું એ નામ પણ ન લે.

ભગવાન શંકરને થયું કે આ માણસ પોતે તો મૂરખ છે, પણ મને પણ ભેગાભેગો મૂરખમાં ખપાવે છે.

એટલે એક દિવસ એમણે પોતે એને પ્રત્યક્ષ દર્શન આપ્યું અને એને કહ્યું: 'ભાઈ! તું ભક્તનો બીજે દેવોનાં નામ સાંભળીને ગુસ્સે થાય છે.

'દેવ—સચરાચર જગતનો સ્વામી—એક જ છે. અને એ દેવને જ, બધાં જુદાં જુદાં નામ લોકોએ આપ્યાં છે. દેવનો દેવ એક જ, વિશ્વસ્વામી: એ જ

વિશ્વનિયંતા. અને એ જ, વિશ્વપાલક. માટે તું બીજા દેવોનાં નામ સાંભળીને હવે ગુસ્સે ન થતો!'

પણ ભગવાન શંકરનો આ ઉપદેશ પણ ઘંટાકર્ણ તો ઘોળીને પી ગયો. એના મનમાં એવી જડ બેસી ગયેલી કે, બીજા દેવનું નામ દેવું, એમાં તો પાપ છે, પણ એ નામ સાંભળવું એમાં પણ પાપ છે. એ ખરે-ખરો શંકરભકત રહેવા માગતો હતો. અને એ બાબતનું એનું જ્ઞાન આ હતું કે, બીજા બધા દેવોને ઉતારી પાડવા!

જેને ઝનૂની કહી શકાય એવો એ ઝનૂની થઈ ગયો હતો.

એટલે એ તો જે કરતો હતો તે કરતો રહ્યો.

શંકર ભગવાનને થયું કે, આ વાત માને તેવો નથી, માટે આને ફરીને ખાતરી કરાવી દઈએ કે બધા જ દેવો—એક દેવથી બીજો જુદો એવા—જુદા નથી. અને એમની વચ્ચે કોઈ કલહ નથી.

એટલે એ ફરી વાર ઘંટાકર્ણની સમક્ષ દેખાયા.

પણ આ વખતે એનું ઝનૂની અજ્ઞાન દૂર કરવા

માટે એમણે એક યુક્તિ ગોઠવી. એ હરિહરરૂપે દેખાયા. હરિ અને હર બન્ને એક જ છે એવો ભાવ દર્શાવવા, માટે એમણે આ રૂપ લીધું હતું. કારણ કે એમને ખબર હતી કે જે, અધાર્મિકમાં અધાર્મિક હોય છે, એ પોતાના ઝનૂનમાં તો પાછું વાળીને જોતા નથી. અને બીજાની નિંદા કરવામાં પણ આઘુંપાછું જોતા નથી. એમને તો કોણ જાણે કેમ, મનમાં એમ જ ઠસાયું હોય છે કે, એક દેવવાળા બીજા દેવની નિંદા કરે, અને એક ધર્મ-વાળા બીજા ધર્મવાળાને વખોડે, એનું નામ ધર્મ!

એટલે ભગવાન શંકર, આ ઘંટાકર્ણભાઈને સમ-જાવવા હરિહરરૂપે એની સામે દેખાયા. અરધા પોતે હરિ છે, અરધા પોતે હર છે. અને એ બન્ને એક જ રૂપ છે. શંકર અને વિષ્ણુ બન્ને એક રૂપે.

પણ ઘંટાકર્ણ ભાઈ કોનું નામ? એ એમ સમજે ખરા? એમણે તો હરિહર બન્નેને એક જ રૂપમાં જોયા છતાં માન્યું કે હરિ એ હરિ. અને હર એ હર. હરની તોલે કોઈ આવે નહિ. અને વળી પોતાની જડતામાં એમ પણ માન્યું કે આ તો દેવ, આપણી હરભક્તિની પરીક્ષા કરે છે!

આ પ્રમાણે જ્યારે કોઈ રીતે ઘંટાકર્ણભાઈ ન માન્યા, ત્યારે છેવટે ભગવાન શંકરે વિચાર કર્યો કે, એ ભાઈને જૈસે કુ તૈસે મીલે એવું થાશે, ત્યારે એ માનશે તે પહેલાં નહિ,

અને થોડા વખતમાં જ આ ઘંટાકર્ણભાઈ એક હરિવાળાને ભેટી ગયા. એનું નામ તો કાંઈક બીજું હતું, પણ એને લંબકર્ણ કહીએ તો ચાલે. કારણ કે એ બુદ્ધિમાં લંબકર્ણ જેવો હતો. એ લંબકર્ણ અને આ ઘંટાકર્ણ, એ બન્નેની વચ્ચે પછી હરિ અને હરનો સંવાદ થયો.

પહેલાં તો સંવાદ ઠીક ઠીક નરમાશથી ચાલ્યો.

પણ પછી તો એ બન્ને વચ્ચે જામી પડી. ઘંટાકર્ણ કહે, હરની તોલે કોઈ ન આવે. ભગવાન શંકર એ ભગવાન શંકર. એને વરદાન આપતાં વાર નહિ. પોતે કાંઈ પાસે રાખે નહિ. અમને જટા અને રાખોડી મળે એટલે બસ. અને તમારા હરિ ? એને તો ભોગવવા માટે લક્ષ્મી જોઈએ. એનો વાસ સ્વર્ગમાં. એના રંગરાગનો પાર નહિ. ભક્તજન બિચારો સેવા કરી કરીને થાકી જાય, ત્યારે માંડ માંડ પ્રસન્ન થાય. આ

તમારા હરિ.

આમાંથી વાત વધી પડી. હરિ અને હરની વાત તો ભૂલી ગયા, પણ પોતે જ જાણે એ બન્નને જીવાડતા હોય તેમ, સામસામા એકબીજા ઉપર વચનના પ્રહાર કરવા લાગ્યા.

એમને એમ થયું કે, જો પોતે નમતું આપશે તો પોતાનો દેવ નમતું આપે છે, એમ ગણાશે.

એટલે એ બન્ને તો વચન–પ્રહારમાંથી પછી છેવટે હાથોહાથ આવી ગયા અને એકબીજા ઉપર પ્રહાર કરવા માંડયા.

એ જોઈને રસ્તે ચાલ્યા જતા માણસોએ એમને ધીમા પાડીને પૂછ્યું કે, 'ભાઈ! આટલા બધા લડો છો તે વાત શી છે?'

'અરે આ લંબકર્ણ હરિને મોટા ગણીને એનાં જ વખાણ કરે છે. એને કેટલી વખત કહ્યું કે હરિ નાના ને હર મોટા. કારણ કે હર એ હર અને હરિ એ હરિ!'

ત્યાં તો લંબકર્ણ મોટેથી બૂમ બરાડા પાડવા માંડયો: 'અરે! આને મૂરખને કેટલી વખત કહ્યું કે

તું લંગોટિયાને ભજીશ, તો તારા નશીબમાં પણ લંગોટી રહેશે. પણ એ માનતો જ નથી ને હર હર કર્યા જ કરે છે: અલ્યા! હર એ તે કોઈ દેવ છે? એ તો લંગોટિયો બાવો છે!'

આમ ને આમ એમનો ઝઘડો કોણ જાણે કેટલો લંબાત. પણ ત્યાં કોઈ ડાહ્યા માણસે તેમને ફોડ પાડયો કે, 'અરે! ભલા માણસ, હરિ હર પોતે કોઈ દિવસ લડતા નથી. એમને તમે કોઈ દિવસ કજિયો કરતા સાંભળ્યા છે ખરા? હરિ ઊંચા છે કે હર ઊંચા છે, એવી કોઈ વાત તમે કોઈ દિવસ કોઈ દેવને મોંએ સાંભળી છે ખરી?

'આ તો ભલા માણસ! હરિને નામે, હરને નામે ને આ દેવને નામે, ને તે દેવને નામે તમે જ તમારી જાત બતાવી રહ્યા છો!'

તમામ ધર્મવાળા આ એક જ વાત કરે છે કે અમારો ધર્મ ઊંચો, સામાવાળાનો નીચો. અને એમ ને એમ અથડામણ ઊભી કરી, એ પોતાની જાતને જ હલકી પાડે છે!'

જ્યારે આ પ્રમાણે ઘણી ઘણી વાતો થઈ, ત્યારે

માંડ માંડ બન્ને શાંત તો પડ્યા, પણ એમના મનમાં જે પૂર્વગ્રહો બેઠા હતા, તે એટલા બધા જડરૂપ હતા કે એ છૂટા પડ્યા ને પોતાને રસ્તે પડ્યા, ત્યારે પણ મોટેથી તો એ બોલતા જતા હતા. 'હર મોટા હર મોટા! હરની તોલે કોઈ ન આવે...' અને... 'હરિ મોટા, બીજા ખોટા, હરિ મોટા બીજા ખોટા!'

એ સાંભળીને સૌ હસી પડ્યા. અને બોલ્યા, 'આનું નામ ધર્મની જડતા!'

[ ૧૦ ]

# ત્રણ પ્રસંગો

: ૧ :

તીતીઘોડાએ કાનખજૂરાને કહ્યું: 'મારે બે પગ છે, એટલામાં તો હું હાશ પોકારી ગયો છું. એકનો બીજા સાથે મેળ મેળવતાં તો મારે આકાશના તારા જોવા પડે છે. અને તું આટલી સહેલાઈથી શી રીતે મુસાફરી ખેડી શકે છે?'

કાનખજૂરાએ જવાબ વાળ્યો: 'મેં મારા પગ વિષે કોઈ દિવસ વિચાર જ નથી કર્યો. એને લીધે મારું કામ સરળતાથી નભે જાય છે.'

ઘણાખરા પોતાને જે મળ્યું છે, એમાંથી પોતાનું કામ કરવાને બદલે, જે નથી મળ્યું, એની ચિંતામાં જ પડ્યા હોય છે. ને કામ બગાડે છે.

: ૨ :

એક વખત બે ભિખારી ભેગા થઈ ગયા. વાતમાંથી

વાત નીકળતાં, એ પોતપોતાનો અનુભવ એકબીજાને કહેવા લાગ્યા. એકે બીજાને પૂછ્યું: 'તમને સૌથી સારામાં સારી ભીખ કોણે આપી હતી?'

બીજાએ જવાબ વાળ્યો: 'એક ભિખારીએ!'

પહેલા ને નવાઈ લાગી: 'શું કહો છો? એક ભિખારીએ, સારામાં મારી ભીખ આપી? કદાચ એ પહેલાં શ્રીમંત હશે, અને પાછળથી ભિખારી થયો હશે!'

'ના ના, એ જન્મ્યો હતો શ્રીમંત, રહ્યો હતો શ્રીમંત, પણ બન્યો હતો ભિખારી!

'એની પાસે કરોડો રૂપિયા હતા. પણ એ પોતાની જાતને ભિખારીમાં ભિખારી માનતો. એટલે દાન, દયા ખાતર નહિ, ભિખારીઓથી કંટાળીને પૈસા આપતો રહેતો.

'એને એવી રીતે કંટાળો આપવામાં એક વખત હું ફાવી ગયો. અને એણે એ કંટાળાથી બચવા માટે દાન કરી નાખ્યું. એટલે સૌથી વધારે મોટી રકમ એ ભિખારીએ મને આપી.'

: ૩ :

એક વખત એક રસ્તે બે માણસ ભેગા થઈ ગયા.

એક હતો કઠિયારો. બીજો હતો દુનિયાની વાતોથી કંટાળેલો, પણ વાતડાહ્યો મુસાફર. બન્ને રસ્તે ચાલ્યા જતા હતા. એટલામાં પેલા વાતડાહ્યાએ કહ્યું: 'તમે હમેશાં જંગલમાં લાકડાં લેવા આવો છો?'

'હાસ્તો,' પેલાએ જવાબ વાળ્યો, 'હમેશાં ન આવું તો છોકરાં ખાય શું?'

'કંટાળો નથી આવતો? મને તમારી દયા આવે છે. આવું જ કામ કર્યા કરવું.'

'કામ તો કંટાળા જનક છે, એ સાચું. પણ ભગવાને એ કામની જ બુદ્ધિ આપી છે, એટલે બીજું શું થાય? પણ તમે શું કરો છો?'

'હું? દુનિયાને સત્યનો માર્ગ બતાવવા, હમેશાં આ કે તે ઉપદેશ આપું છું!'

'એમ? પણ એ કામ તો ભારે આળસનું!'

[૧૧]

## સમાધાનનો માર્ગ તો હોય જ

એક વખતની વાત છે. ચીનના રાજાને ટિબેટના રાજા સાથે લડાઈ થઈ. લડાઈ થવાનું કારણ હસવા જેવું હતું. પણ લડાઈઓ તો હમેશાં હસવા જેવા કારણમાંથી જ ઊભી થાય છે. આંહીં પણ કારણ કાંઈ ન હતું. ચીનવાળો કહે હું મોટો. ટિબેટવાળો કહે હું મોટો. હવે આ કજિયો કોણ મટાડે? એટલે એકબીજા લડવા તૈયાર થયા.

લશ્કર તૈયાર થયાં. લડાઈની તૈયારી પૂરજોસમાં ચાલી. સામસામે પડાવ નાખ્યા. એક જણ ઘા કરે કે બીજો તેના પર તૂટી પડે એવી વસ્તુસ્થિતિ ઊભી થઈ ગઈ.

ઘા કોઈએ કર્યો ન હતો ત્યાં સુધી જ શાંતિ હતી હવે એક વિદ્વાન સાધુ આ ડુંગરાઓમાં રહે

ને બેઠો બેઠો પોતાની તપશ્ચર્યા કરે. કોઈના કામમાં કોઈ દિવસ માથું મારે નહિ. કોઈની પાસે કાંઈ માગે નહિ. કોઈ આપી જાય તો ભલે, બાકી ભલો પોતે અને ભલું પોતાનું કામ. એ બેઠો બેઠો ચિંતવન કર્યા કરે. હમેશાં ચિંતવન કરે કે હે પ્રભુ! હું કોઈકનું કાંઈક સારું કરી શકું, એવી વાણી તું મને આપજે. હું કોઈકને કહી શકું એવું મનનું બળ તું મને આપજે. હું મારગ ભૂલેલાને મારગ બતાવી શકું, એવી વાત તું મારા મનમાં ઉગાડજે

એની આ પ્રાર્થના ઈશ્વરે સાંભળી હોય કે ગમે તેમ પણ આ સાધુને થયું કે આ બે રાજાઓને મળીને વાત તો કરી જોઉં.

એટલે એ બન્ને રાજાઓને મળવા ગયો. આ તો જૂના જમાનાની વાત, એટલે એક રાજાએ કહ્યું કે, ભલે એ મને મોટો ન કહે, પણ જો મારા દેવને મોટા કહે તોપણ સમાધાન થઈ જાય.

સાધુને આ વાત સાંભળીને નવાઈ તો લાગી, પણ આ રીતે પણ જો લડાઈ અટકી જાય તો સારું એમ ધારીને એ બીજાને મળવા ગયો. એણે પણ એ જ વાત

કહી. મારા દેવને મોટો ગણે તો બસ. ભલે મને કાંઈ ન ગણે, તો સમાધાન થઈ જાય.

સાધુએ આ બન્ને રાજાઓની વાત સાંભળી. વિચાર કર્યો કે સમાધાનની વાત શકય છે. એ બન્ને પોતપોતાની જાતને મોટી ગણતા હતા તેમાંથી હવે પોતપોતાના દેવ ઉપર આવ્યા છે. એણે બન્ને રાજાઓને કહ્યું કે, તમે બન્ને ભેગા થઈને એક મંદિર બંધાવો.

એમાં મોટા દેવતાને મોટે ઠેકાણે રાખશું અને નાના દેવતાને એનાથી જરા નીચે રાખીશું. એટલે તમારી આ વાત હમેશને માટે ભવિષ્યમાં પણ જળવાશે ને સમાધાનનો કોઈ દિવસ કોઈ ભંગ નહિ કરી શકે.

બન્ને રાજાઓને આ વાત પંસદ પડી અને એમણે ત્યાં એક મંદિર બાંધવાનું નક્કી કર્યું.

મંદિર પૂરું થયું. એક દિશામાં સૂર્ય હતો. બીજી દિશામાં ચંદ્ર. સૂર્ય મોટો કે ચંદ્ર મોટો, એ બન્ને રાજાની વચ્ચે તકરારનો વિષય હતો.

હવે સાધુએ એક કારીગરને કહ્યું : 'તું તારી બધી કારીગરી એક વાતમાં બતાવજે. એ તું કરીશ તો હજારો

માણસોની જિંદગી બચી જશે. તારે સૂર્ય અને ચંદ્રને એવી રીતે મૂકવા કે સૂર્ય તરફથી જોનારને ચંદ્ર નીચો લાગે અને સૂર્ય ઊંચો દેખાય. વળી એ જ પ્રમાણે, ચંદ્ર તરફથી જોનારને સૂર્ય નીચો જણાય અને ચંદ્ર ઊંચો લાગે.'

કારીગરે ભારે કારીગરી કરી. તેણે સાધુના કહેવા પ્રમાણે પોતાની કારીગરી કરી બતાવી. સૂરજ તરફ ઊભા રહેનાર રાજાને લાગે કે એનો દેવ સૂરજ ઊંચો છે ને ચંદ્ર નીચો છે. એ જ પ્રમાણે ચંદ્ર તરફથી જોનાર રાજાને લાગે કે, એનો દેવ ઊંચો છે ને સામેનો દેવ સૂરજ નીચો છે.

આવું મંદિર તૈયાર થયું. એટલે બન્ને રાજાઓને એણે પોતપોતાના દેવ સામે ઊભા રાખ્યા અને કહ્યું કે, જુઓ તમારો દેવ ઊંચો છે કે નહિ? દરેક રાજાને ખાતરી થઈ ગઈ કે, દેવ તો એનો ઊંચો હતો અને બીજાનો નીચો હતો. બન્ને પોતપોતાના મનમાં મલકાયા કે ચાલો, આપણી વાત રહી ગઈ છે ને આપણો હાથ ઊંચો રહી ગયો છે. અને તે પણ હમેશને માટે, કારણ કે આ તો હમેશની વાત થઈ ગઈ. યાવત્ ચંદ્રદિવાકરૌ એનો દેવ ઊંચો ને સામા-

વાળાનો નીચો !

આ બધું થઈ ગયું, એટલે સાધુએ એમને બન્નેને પાસે બેસારીને કહ્યું: 'જુઓ, તમારા મનનું સમાધાન થઈ ગયું છે, એ મોટી વાત થઈ ગઈ. ખરી રીતે જેમ કોઈ ઊંચો નથી કે કોઈ નીચો નથી, તેમ કોઈ રાજા પણ મોટો નથી—કે કોઈ નીચો નથી. એકબે ગામનો ધણી, જો પોતાનું કામ બરાબર બજાવે, તો એ ઊંચો. ને હજારો ગામનો ધણી હોય, પણ પોતાનું કામ બજાવી શકતો ન હોય તો એ નીચો.

'ઊંચાનીચાનો આ ભેદ છે. નહિતર તો પછી એવું થાય કે માણસની ધરતીની ભૂખનો કોઈ છેડો જ ન આવે.

'જે ધરતીની ભૂખ રાખ્યા કરે છે તે કોઈ દિવસ ધરાતા નથી.

'આ મંદિર હવે બન્નેની સરહદ ઉપર જ ઊભું છે. જે સરહદનો ભંગ કરશે, તે પોતાના જ દેવનો પોતે નાશ કરશે અને દેવનો શાપ એને મળશે.

'આ વાત તમે તમારા વંશવારસ માટે પણ મૂકતા જજો કે, કોઈ લોભી, સરહદનો ભંગ કરીને નાહકની લડાઈ ન નોતરે.'

[ ૧૨ ]

## માણસમાં ત્રણ પશુ

માણસમાં પશુ રહે છે. અને એ પશુને પ્રતીકરૂપે લઈને માનવપ્રકૃતિની ત્રણ વૃત્તિઓનો રંગ બતાવવામાં આવે છે. એક તો માણસમાં ઉંદર રહે છે. કારણ વિના બીજાને નુકશાન કરવું, પોતાની જાતને વધુ પડતી ગૌરવવાળી ગણવી અને બીજા માનવીની ઉપેક્ષા કરવી; એ બન્ને વાત ઉંદરમાં મૂકી છે. સમાજમાં વિદ્વાનો, જ્યારે સેવાવૃત્તિ નથી કેળવતા, ત્યારે આ રંગ પકડે છે.

બીજો માનવમાં સિંહ રહે છે. આ વર્ગ રાજદ્વારીઓનો છે. એ પોતાનું સામર્થ્ય માને છે, પક્ષો સ્થાપવામાં, પોતાના પક્ષને ઈશ્વર ગણવામાં. ને માનવજાતને નુકશાન કરે છે પોતાની કજિયાખોરીથી. પોતાની હિંસાથી.

માનવમાં કબૂતર પણ રહે છે. દેખાય છે એ ભલું, ભોળું અને પવિત્ર. એ ધર્મનું પ્રતીક છે. ધર્મધુરંધરો માનવને નુકશાન કરે છે, પોતાને પવિત્ર માનીને ને એ અંધશ્રદ્ધા પોષીને, પોતાનો રોટલો કાઢે છે. એક જગ્યાએ આ પ્રતીકોને લગતી એક વાત વાંચી. સરસ લાગી. સિંહ, કબૂતર ને ઉંદરની વાત કરીને, એમાં માનવસ્વભાવનું વર્ણન કર્યું છે.

એક વખત એક ઋષિ બેઠા બેઠા પોતાનું ધ્યાન ધરતા હતા; પણ એટલામાં ઉંદર આવી ચડયા.

ઋષિ તો સમાધિમાં હતા અને પોતાના નિર્દોષ જીવનમાં તલ્લીન હતા.

પણ ઉંદરોને એ જોવાનું ન હતું. એમને તો કોઈ પ્રકારે પોતાની ભૂખ સંતોષવાની હતી. માણસજાતને પણ ભૂખ લાગે છે, ત્યારે એ અન્યાય જોવા બેસતો નથી.

એટલે ઉંદરોએ ઋષિને કરડવાનું શરૂ કર્યું.

ઋષિ જાગ્યા. અને ત્રણે ઉંદરોને ત્યાં જોઈને એમને શાપ આપ્યો: 'તમે ત્રણે જણા માણસજાતમાં ફેરવાઈ જાઓ. એ રીતે તમારી ક્ષુધા તૃપ્તિ પામશે. માણસજાત સમૃદ્ધિમાં મહાલે છે ત્યારે વધારે ભુખાળવી

બને છે. માણસજાત વિદ્યામાં મહાલે છે ત્યારે પણ એમાંથી જ્ઞાનપ્રાપ્તિને બદલે હોશિયારી ભરેલા વાદ-વિવાદમાં પડે છે, અને બુભુક્ષિત થતી રહે છે. અને એ ધર્મપ્રાપ્તિ માટે મંદિરોમાં દોડે છે, ત્યારે પણ ધર્મને બદલે અધર્મને જ પોતાને ત્યાં લાવે છે.

એટલે તમે ત્રણે ઉંદરો પણ એવા ત્રણ જુદાં જુદાં ક્ષેત્રોમાં વસનારા માણસો બની જાઓ. તમારી ક્ષુધા ત્યારે જ સંતોષાશે. તમે જેમ જેમ ખાશો તેમ તેમ વધારે બુભુક્ષિત થશો.

એવી જ રીતે ત્રણ સિંહ ઋષિ પાસે આવ્યા. એ ત્રણે પણ ભૂખ્યા વરુ જેવા હતા. ઋષિએ એમને પણ માણસ થાઓ, તો તમારી વરુ જેવી ભૂખ મટે એમ કહ્યું.

માણસજાત વાતમાં કાંઈ માલ ન હોય પણ, વર્ષોના વર્ષો સુધી કજિયાને જીવતો રાખે છે. એટલે ત્રણે પશુને બદલે, હવે માણસ જ થઈ જાઓ.

ભૂખ ન હોય છતાં શિકાર કરો ત્યારે તમે સિંહ જાત માટે લાયક નથી, પણ માણસજાત માટે લાયક છો. માટે તમે પણ માણસ થઈ જાઓ.

એ જ પ્રમાણે ત્રણ કબૂતર ઋષિ પાસે આવ્યાં.

ઋષિએ તેમને જોયાં. તેમની સાથે વાતો કરી. અને ઋષિને લાગ્યું કે આ કબૂતરો પણ માણસજાતમાં ફેરવાઈ જાય તો સારું, કારણ કે એ કબૂતરો પણ એમનો પક્ષીનો સ્વભાવ દેખાડી રહ્યા હતા

એક કબૂતર માનતું હતું કે એણે દાણા સંઘરવા. સહિસલામતી એમાં હતી. આ સ્વભાવ પક્ષીનો નહિ, પણ માણસ જાતનો હતો.

બીજું કબૂતર માનતું હતું કે, દાણાને તો ઊગતા પહેલાં જ આપણે ચણી લેવા. કાલની કોને ખબર છે?

આ વાત પણ માણસજાતની થઈ. એને ધીરજથી ફળ મેળવવું નથી. તત્કાલ લાભ મેળવી લેવો છે.

ત્રીજું કબૂતર મંદિરમાં માળો નાખીને પડયું હતું ને ત્યાં બેઠું આળસુ જીવન ગાળતું હતું. ચણ ત્યાં પુષ્કળ હતી. આ વાત પણ માણસ જાતની હતી. એને આળસમાં મળે તો ઉદ્યોગ કરવો નહિ, એવી વાત વધારે ફાવે છે.

આ પ્રમાણે માણસજાતમાં ફેરવાયા તે ઉંદરો વિદ્વાન થયા. તેમણે કબાટ ભેગાં કર્યાં, પુસ્તકો વસાવ્યાં ને એમાં ને એમાં એવા ડૂબી ગયા કે ન જીવી શકયા,

ન જીવનને જાણી શકયા, ન જીવનને મેળવી શકયા. વાતો જ કરતા રહ્યા !

સિંહો હતા, તે રાજદ્વારી નેતાઓ થયા. તે કજિયા-ખોરીના આનંદમાં જ વખત ગાળવા લાગ્યા. ખોટી બહાદુરી કરીને, પોતાને કાંઈના કાંઈ માનવા લાગ્યા !

અને પેલાં કબૂતરો હતાં, તે અંધશ્રદ્ધા પોષીને માણસને લૂંટનારા, આળસુ સાધુઓ થયા. તેમણે આચારનાં પિંજર ઊભાં કર્યાં ને તેમાં માણસોને પૂરીને તેમાંથી પોતાનો આળસુ રોટલો કાઢવા માંડયા.

આ પ્રમાણે માણસજાતમાં ફેરવાયેલા ઉંદરો, સિંહો ને કબૂતરો, હજી પણ માણસના રૂપમાં વસે છે.

ઋષિ કહે છે કે, માણસમાંથી ઉંદર જાય—જરૂર હોય કે ન હોય પણ બીજાને નુકશાન કરવું જ એ વૃત્તિ જાય—માણસમાંથી સિંહ જાય—કજિયાખોરી ને હિંસા જાય અને માણસમાંથી કબૂતર જાય—અંધશ્રદ્ધા, આળસ ને ખોટા આચાર જાય ત્યારે અને માત્ર ત્યારે જ સાચો માણસ જન્મે !

## ‘ધૂમકેતુ’ની ‘યુગદર્શન ગ્રંથમાલા’

| | |
|---|---|
| તણખા મંડળ પહેલું | ૩–૫૦ |
| તણખા મંડળ બીજું | ૩—૦ |
| તણખા મંડળ ત્રીજું | ૩—૦ |
| તણખા મંડળ ચોથું | ૪—૦ |
| પ્રદીપ | ૩—૦ |
| આકાશદીપ | ૩—૦ |
| જલદીપ | ૩—૦ |
| પરિશેષ | ૩—૦ |
| ત્રિભેટો | ૩—૦ |
| અનામિકા | ૩—૦ |
| વનછાયા | ૩—૦ |
| વનરેખા | ૩—૦ |
| વનકુંજ | ૩—૦ |
| વનવેણુ | ૩—૦ |
| મલ્લિકા | ૩—૦ |
| પ્રતિબિંબ | ૩—૦ |
| ચંદ્રરેખા | ૩—૦ |
| નિકુંજ | ૩–૫૦ |
| સાંધ્યરંગ | ૩—૦ |
| જલબિંદુ | ૩—૦ |
| મેઘબિંદુ | ૩—૦ |
| તેજબિંદુ | ૩—૦ |
| તુષારબિંદુ | ૩—૦ |
| રાજમુગટ | ૩—૦ |
| પૃથ્વીશ | ૪–૦૦ |
| અજિતા | ૫—૦ |
| પરાજય | ૫—૦ |
| જીવનપંથ | ૪–૫૦ |
| જીવનરંગ | ૪–૫૦ |
| રુદ્રશરણ | ૪–૦૦ |
| સર્જન અને ચિંતન | ૨–૦૦ |
| વાતાયન | ૨–૫૦ |
| રજકણ | ૩—૦ |
| પદ્મરેણુ | ૩—૦ |
| ઠંડી ક્રૂરતા (નાટકો) | ૧–૫૦ |
| પગદંડી | ૨–૫૦ |
| સુવર્ણરેખા | ૩—૦ |
| હેમચંદ્રાચાર્ય | ૨–૫૦ |
| ગૂર્જરપતિ મૂલરાજદેવ ૧–૨ | ૧૦–૦૦ |
| વાચિનીદેવી | ૪–૫૦ |
| અજિત ભીમદેવ | ૫—૦ |
| ચૌલાદેવી | ૫—૦ |
| રાજસંન્યાસી | ૫—૦ |
| કર્ણાવતી | ૪–૫૦ |
| રાજકન્યા | ૪–૫૦ |
| જયસિંહ સિદ્ધરાજ [ બર્બરકજિષ્ણુ ] | ૫—૦ |
| ,, ત્રિભુવનગંડ | ૪–૫૦ |
| અવંતીનાથ સિદ્ધરાજ | ૫—૦ |
| ગુર્જરેશ્વર કુમારપાલ | ૪–૫૦ |
| રાજર્ષિ કુમારપાલ | ૪–૫૦ |
| નાયિકાદેવી | ૪–૫૦ |
| રાય કરણ ’ઘેલો | ૫—૦ |
| આમ્રપાલી | ૪—૦ |
| નગરી વૈશાલી | ૪–૫૦ |
| મગધપતિ | ૪–૫૦ |
| મહાઅમાત્ય ચાણક્ય | ૫—૦ |
| ચંદ્રગુપ્ત મૌર્ય | ૫—૦ |
| સમ્રાટ ચંદ્રગુપ્ત | ૪–૫૦ |
| પ્રિયદર્શી અશોક | ૫—૦ |
| પ્રિયદર્શી સમ્રાટ અશોક | ૫—૦ |
| મગધસેનાપતિ પુષ્યમિત્ર | ૪–૫૦ |
| મહારાજ્ઞી કુમારદેવી | ૫—૦ |
| પ્રસંગકથાઓ ૧–૨–૩–૪ | ૫—૦ |

અને બીજાં વિશેષ પુસ્તકો

**[ આખો સેટ રૂપિયા ચાર સો લગભગ ]**




ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
પ્રકાશક તથા વિક્રેતા
ગાંધીરસ્તા : અમદાવાદ.